વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 40

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

જુલાઈ, 2013

# કલમ થી કમ્પ્યૂટર સુધી






'Mockટેઈલ-ધ કાવ્યરસ' પુસ્તકનું વિમોચન



श्यामल–सौमिल
प्रस्तुत

Music for all forever
निर्मल

# शिवमहिम्नः स्तोत्रम्
## भूमिका एवं भावानुवाद सहित



: संगीत-रचना :
श्री रसिकलाल भोजक

: अधिद्रष्टा :
डॉ. वासुदेव पाठक 'वागर्थ'



**Audio CD And DVD Available at all Music Stores**

સંપર્ક કરો:

**Marketed by:** Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: **26561834/35** visit us at: www.shyamalsaumil.com

સંગીત
શ્યામલ-સૌમિલ

# સંપાદકનું સારેગમ

## 'સરળતા' એ 'લોકભોગ્યતા'ની આવશ્યકતા

'સ્વરસેતુ'ના નેજા નીચે વિવિધ કાર્યક્રમોની રજૂઆત નિમિત્તે ઘણું 'ઘરકામ' કરવાનું બને છે. વિષયાનુરૂપ ગીત–ગઝલ શોધવા–લખવા ને સ્વરાંકિત કરવાની પણ જરૂર પડે છે. આ એક તાલીમ છે. સર્જનાત્મક તાલીમ જરૂર પ્રમાણેના સર્જનની શક્તિ અમારી રજૂઆતને અસરકારક બનાવે છે. અમને કહેતા આનંદ થાય છે કે છેલ્લા દસકામાં, 'સ્વરસેતુ'ની રજૂઆત સંદર્ભે તૈયાર થયેલાં ગીતો પૈકીનાં કેટલાંક આજે ભાવકોની પસંદગીની યાદીમાં ય સ્થાન પામી શક્યાં છે.

સુગમ સંગીતની કલાપ્રવૃત્તિ સાથેના ત્રણ દાયકાના સંબંધે અમને એ સમજાવ્યું છે કે 'સરળતા' એ 'લોકભોગ્યતા'ની આવશ્યકતા છે. અને 'લોકભોગ્યતા' એ લોકપ્રિયતાની સીડીનું સોપાન છે. ગાઈ શકાય એવાં અને ગવાતી હોય તે સમયે સમજાઈ જાય તેવી રચના (ગીત અને સ્વરાંકન બંને) એ આ પ્રવૃત્તિની જરૂરિયાત છે.

'કલમથી કોમ્પ્યૂટર' શીર્ષક અંતર્ગત રજૂ થયેલા કાર્યક્રમ દરમિયાન આપણી સમૃદ્ધ કાવ્ય–પરંપરાનો પુનઃ પરિચય થયો. આદ્યકવિ નરસિંહ મહેતાની પદરચનાઓથી આરંભાતી આ કાવ્યસૃષ્ટિ પંડિત યુગ, ગાંધી યુગ અને એમ વર્તમાન અત્યાધુનિક કાવ્યખંડ સુધીમાં કેટકેટલા સર્જકોની સર્જકતાએ સમૃદ્ધ છે!

વળી કંઠોપકંઠ સચવાયેલી કવિતા? સાહિત્ય શિક્ષણનું ઓશિયાળું નથી. એ તો બહારથી ભીતરની યાત્રા છે. શબ્દ એમાં સાધન છે, સાધ્ય નથી. આવા અનુભવીઓની વાણી લોકોએ સાંભળીને આવનારી પેઢીઓ માટે સાચવી રાખી. આ યાદ રહેવા–રાખવામાં સંગીતનો ફાળો અનન્ય છે.

સંગીતના સથવારે વહેતા શબ્દના રસાનુભવને વહેંચતા રહેવાનું અમને સદાય ગમ્યું છે.

**- સૌમિલ મુનશી**



વર્ષ:૨ / અંક: ૧૩/ જુલાઈ-૧૩

તંત્રી અને સંપાદક: સૌમિલ મુનશી

પ્રકાશક: સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શક: તુષાર શુક્લ

ડિઝાઈન કનસેપ્ટસ:
ઝીબ્રા આઈડીયાલેબ

તસવીર પરામર્શક: વિવેક દેસાઈ

વ્યવસ્થા: હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવ:
જિગીષા જાની

સહાય: ગોપાલ પઢિયાર

કાર્યાલય: સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદાવાદ-૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ - ૩૫

ઈ-મેઈલ:
તંત્રી: saumilmunshi60@yahoo.co.in
પ્રકાશક: swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્ય: ₹ ૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાં: ₹ ૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડોલર ૫૦
બ્રિટિશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

( નોંધ : લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.)

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor -** SAUMIL PARESH MUNSHI.



ભાગ્યેશ જહા

# પર્ણમર્મર

હજી રાતનું અંધારું પૂરું ગયું નથી, એના પગે સોજા દેખાય છે. હું હીંચકા પર અર્ધચંદ્રની ઉપેક્ષિત ચાંદનીમાં મન બોળીને બેઠો છું. દૂરના વૃક્ષ પરથી કોયલ એક રાગ છોડે છે. જાણે છેડાઓ ઓગાળવા એક સ્વરસેતુ રચાય છે. મનમાં પે'લા શ્લોકનું રટણ જાગે છે, **'योन्तःप्रविश्य मम वाचमिदं प्रसुप्तं...'** કોયલે જાણે કોઈ જાણીતા આંબાવાડિયા સાથે એક સેતુ રચી આપ્યો. અજવાળાનો રેલો આવે છે, ઘરના આંગણામાં પડેલાં પગલાં જાગી ઊઠે છે. મારું મન એક ત્રિભુવન રચીને બેઠું છે, જ્યાં એક ભુવનનો માલિક પે'લો કોયલનો સ્વર છે, છોગાળો, લીસ્સો પણ અનંત દિશાઓની સુવાસ લઈ આવનારો. બીજા ભુવનમાં બિરાજે છે પે'લો આંબો, અજાણ્યો આંબો. દેખાતો નથી, પણ અનુભવાય છે. પોતે જ કાળની ડાળ છે, લીલીછમ. વહેલી સવારે પે'લા સ્વરસેતુ પર લસરતી લસરતી આવી ગઈ છે મારા સુધી. ઝૂલે છે એક ગીતની પંક્તિની જેમ, જાણે આમ્રમાનુની એક પ્રેમસંદેશ લઈને આવેલી એક મસ્તીભરી લટ... અને ત્રીજા ભુવનમાં રાજ કરે છે મારું મન... ખંતીલું, જાણે ખુલ્લા ખેતરનો ખેડાયેલો ખોબો. મન, જેમાં હજાર-હજાર વન અને વનમાં હજાર-હજાર જણ... અને હું આ ત્રિભુવનની અગાશી પર જોઈ રહ્યો છું... સેતુબંધની ઊઘડતી સુવાસ... સવારમાં જાગી ઊઠતા ફૂલોની અંગડાઈ... સાંભળું છું ધીરે ધીરે ભળી રહેલા બીજા અજાણ્યા પંખીઓના સ્વર... એક સ્વર-મેળો રચાય છે, કાનના હીંચકા પાસે, મનની મેડીમાં. આંખ હવે ખંખેરે છે સ્વપ્નના વધેલા અવશેષોના અવાજોને.

સવારને કોઈ આમંત્રણની જરૂર નથી, એ તો મનની મંત્રણાનો દરવાજો છે. મારી પોતાની સાથે થતી મુલાકાતનો સભાખંડ... જ્યાં કશું ખંડ ખંડ વહેંચાયેલું કે વેરાયેલું નથી. એક પ્રકારની સળંગતા છે. હીંચકો વૃક્ષ હતો તે પહેલાની... પાણી નળમાં આવ્યું કે વાદળમાં ગરજ્યું તે પહેલાની, દરિયાના ગર્ભમાં લીધેલી મંત્રદીક્ષાની ગતિ છે આ પાણીમાં... મારે એ પાણીમાં નહાવાનું છે, વાદળ એટલે તે ક્યારના એકીટશે જોઈ રહ્યા છો. જો કે એમને ઈર્ષ્યા નથી એ તો કાલિદાસના અધૂરા કહેવાયેલા સંદેશના સ્વરકારો છે. મારા પોતાના આકાશની અટારીઓમાં આવીને ચાખી રહ્યા છે, મારી પ્રતીક્ષાના પોતને, મારા મનના કપોતને. હું સંસારી શબ્દોમાં પ્રવેશું તે માટે છાપાના છાપરે એક બાળા જેવી બારાખડી આવી ઊભી છે. મારે તો મારી પાંપણ પરથી ગોવર્ધન ઉતારવાનો બાકી છે. કૃષ્ણની ટચલી આંગળી મને કાજલ આંજે એટલી વાર... પછી તો બાંધી લેશું બખ્તર અર્થાતરનું, કાલાંતરનું... અર્જુનના સફેદ અશ્વો કાગળ બની ગયા છે ને જ્યાં દુંદુભિનાદ થયેલા તે આકાશનો ભૂરો રંગ પહેરીને ઊભો છે મારો વર્તમાન... પણ મિત્ર, કૃષ્ણ! ઊભા રહો અચ્યુત.. મારે જરા આ સ્વરસેતુ પર વહેતો અનંત યુગોનો મારો પરિચિત પવન પીવો છે.... મારી અખંડ ઓળખ માટે...

('સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' વાંચ્યા પછી થયેલી અનુભૂતિ)

## ગીરનું હીર ગમ્યું...

હું 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ની ચાહક છું. મે-૨૦૧૩ નો અંક હાથમાં આવતાંની સાથે પૂરો વાંચી કાઢતાં હું મારી જાતને રોકી શકી નહીં. મેગેઝીનમાં આ વખતે સિંહ વિષયક સંપૂર્ણ અને ઉપયોગી માહિતી આપવામાં આવી છે. જે બીજા સાથે શેર કરી શકો. આ અંક માહિતીસભર છે. ફરી વાર અભિનંદન આપવાનું મન થાય છે. આવા આવા સુંદર વાંચવાલાયક લેખો મળતા રહે એવી અપેક્ષા સાથે.

**- મમતા પારેખ, મુંબઈ**

## માતૃભાષાને જીવંત રાખવાના તમારા પ્રયાસને અભિનંદન

હું ગુજરાત બહાર રહું છું પરંતુ માતૃભાષાનો પ્રચાર અને પ્રસાર વર્ષોથી કરું છું. ગુજરાતી માતૃભાષાનો ઉપયોગ ઘરમાં, સમાજમાં પણ હવે ઘટી રહ્યો છે તે ઘણી દુઃખની વાત છે. રાસ-ગરબામાં પણ અંબે માતની પૂજાના બદલે 'ડિસ્કો મેં જાયે' વગાડવામાં આવે છે. મેં જાણ્યું તે તમે પણ 'સ્વરસેતુ'ના માધ્યમથી માતૃભાષાને જીવંત રાખવાનો પ્રચાર અને પ્રયત્ન કરી રહ્યા છો. આથી ઘણો આનંદ થયો. હું પણ ગુજરાતી ભાષાને ઘર-ઘરમાં મહેંકતી રાખવા માટે માતૃભાષાનું સાહિત્ય અને પત્રિકાનું વિતરણ કરતો રહું છું.

**- હર્ષદરાય ઓઝા, અખિલ ભારત ગુજરાતી બ્રહ્મસમાજ, રાયપુર, છતીસગઢ.**

## 'સ્વરસેતુ' સતત ધબકતો સાદ...

દર મહિને 'સ્વરસેતુ'ની આતુરતા પૂર્વક રાહ જોઉં છું. વિવિધ વિષય સાથે નયનરમ્ય લેઆઉટ્સમાં સ્વરસેતુ શોભી ઊઠે છે. અમિતાભ બચ્ચનનો ગુજરાત પ્રવાસ વિશેષાંક, ગીરના સિંહ વિશેનો લેખ, ફાધર્સ ડે પ્રસંગે જાણીતા કલાકારોના પિતા સાથેના પ્રસંગો વાચવાની મજા પડી. દર વખતે અંકમાં શું નવું હશે? તે જાણવાની પણ હંમેશા આતુરતા રહે છે. વિવેક દેસાઈની કેમેરાની આંખે કોલમ પણ હૃદયથી મગજને વિચારવા પ્રેરે છે. નવો વિભાગ સંસ્થાપરિચય પણ ઠેકઠેકાણેની સંસ્થાઓનો ખૂબ નજીકથી પરિચય આપે છે. આ ઉપરાંત શ્યામલ-સૌમિલ મુનશી અને સ્વરસેતુ દ્વારા યોજાતા કાર્યક્રમો પણ ડાયજેસ્ટમાં અહેવાલ સ્વરૂપે માણી ખૂબ આનંદ પામીએ છીએ. સંગીત સાથે ભાષા અને સાહિત્યના સમાચારોની મહેંક પણ 'સ્વરસેતુ'માં અચૂક જોવા મળે છે. સંગીત અને ભાષાના જતન માટે જે કંઈ કરીએ તે ઓછું છે. તમારા પ્રયાસો તેમાં વધુને વધુ સફળ રહે તેવી શુભકામના...


**-વિનોદ અને ઉષા જોષી, અમદાવાદ.**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# અહીં તારા વગર

આપણે નહીં હોઈએ તો આ જગતનું શું થશે? એમ માનીને આપણે ઘણાબધા વહેમમાં રહેતા હોઈએ છીએ. બસ, એ મંથનમાંથી આ ગઝલ આવી છે.



ઊગશે સૂરજ ને ઝળહળશે અહીં તારા વગર,
રાત પડતાં ચંદ્ર નીકળશે અહીં તારા વગર.

હોય કે ના હોય, તું એથી ફરક પડતો નથી,
આ નદી - ઝરણાંય ખળખળશે અહીં તારા વગર.

કુદરતે ક્યાં નોંધ લીધી? પાંચમાં પુછાય છો...
લાશ પણ તારી સહજ બળશે અહીં તારા વગર.

કર સ્તુતિ કે ગાળ દે એથી ફરક પડશે નહીં,
સૂર્ય મોડો ના કદી ઢળશે અહીં તારા વગર.

રોજ જે રસ્તે જઈને ઘર તરફ વળતો હતો,
એ જ રસ્તો એ તરફ વળશે અહીં તારા વગર.

શોક બહુ બહુ તો દિવસ દસબાર, કે મહિનો-વરસ,
એ પછીથી કોઈ ટળવળશે નહીં તારા વગર.

રાજેશ વ્યાસ 'મિસ્કીન'



લાઓત્સેએ તેના તાઓ–તે–ચિંગમાં કહ્યું છે કે, સ્વર્ગ અને પૃથ્વીને સહૃદય થવાની ઈચ્છા ઉત્પ્રેરિત કરતી નથી. કુદરત–પ્રકૃતિ જો તટસ્થ રીતે જોઇએ તો એ કઠોર પણ નથી અને દયાળુ પણ નથી. એ દયાળુ પણ નથી અને ક્રૂર પણ નથી. ખરેખર તો કુદરતને તમારી પડી જ નથી હોતી. તમારા અસ્તિત્વની પ્રકૃતિ નોંધ લેતી હોય એવું કશું નથી. એવું માની લેવાની જરાય જરૂર નથી કે તમે કાલે નહીં હો ત્યારે આકાશ રડતું હશે, ધરતી આંસુ સારતી હશે. ખરેખર તો તમે નહોતા ત્યારે પ્રકૃતિને તમારી કશી ખબર નહોતી અને આજે છો તો, એની પણ પ્રકૃતિને કોઈ ખબર નથી. તમારા હોવાથી કે ન હોવાથી એનામાં કોઈ ફેર નથી પડતો. એ જ રીતે ફૂલો ખીલતાં રહેવાનાં છે. એ જ રીતે વરસાદ પડવાનો છે. એ જ રીતે સૂર્ય ઊગવાનો છે અને ઢળવાનો છે. આ જ રીતે દરિયો ઊછળવાનો છે. એ જ રીતે શરદપૂનમો આવવાની છે. તમારું હોવું અને ન હોવું Irrelevant છે, અસંગત છે. કુદરતને ખબર જ નથી કે તમે, છો કે નથી. પરંતુ આપણે આવી પ્રકૃતિને ઓળખતા જ નથી. આપણે તો એવી કુદરતને જાણીએ છીએ જે આપણે ઉદાસ હોઇએ તો એ પણ ઉદાસ હોય છે.

**પ્રકૃતિ સાવ નિરપેક્ષ છે. પ્રકૃતિ કોઈનાય પક્ષમાં નથી પ્રકૃતિની વ્યવસ્થા જ એ છે કે એ કોઈનામાંય ઉત્સુક નથી હોતી. જો પ્રકૃતિ કોઈનામાંય ઉત્સુક હોત, રસ લેતી હોત તો તો માણસજાત એવી છે કે એ એના દુરુપયોગ શરૂ કરી દેત. તો તો માણસ પ્રકૃતિને પોતાના હાથમાં કંટ્રોલમાં કરવાનો પ્રયત્ન કરત.**

ખરેખર તો આ બધી આપણી કલ્પના અને ખયાલ છે.

**થઇને હતાશ જોયું જો ઉપર અમે 'મરીઝ',**
**ત્યારે ખબર પડી કે ગગન પણ ઉદાસ છે.**
**- મરીઝ**

જો ઉદાસ હોઈએ છીએ તો આપણે કહીએ છીએ કે ચંદ્ર ઉદાસ છે. પણ એ તો ચંદ્ર ઉદાસ મને લાગે છે. પણ એ જ રાતે કોઈ બે પ્રેમીઓ ભેગા થયા હોય તો એમને માટે ચંદ્ર ખૂબ આનંદમાં હશે. તો એકને માટે ચંદ્ર ઉદાસ છે, એકને માટે ચંદ્ર ખુશખુશાલ છે. કોઈને માટે ચાંદની શીતળ છે, કોઈને માટે ચાંદની દઝાડનારી છે.

પણ ખરેખર તો નથી ચંદ્ર ઉદાસ હોતો કે નથી ખુશખુશાલ હોતો.

ચાંદનીને નથી મારી ખબર હોતી, નથી બીજા કોઈની પડી હોતી. આપણે ના હોઈએ ત્યારે પણ ચાંદની આવી જ વરસવાની છે. આપણે ન હોત તો પણ

ચાંદની આવી જ હોત.

સદ્‌ગુરુઓ કહે છે કે પ્રકૃતિ નિર્દ્વન્દ્વ છે. મનુષ્યની દુનિયા દ્વંદ્વમય છે. આપણે બધા પ્રેમ, ઘૃણા, ક્રોધ–ક્ષમા, સવાર–સાંજ એમ બધું દ્વંદ્વમય જાણીએ છીએ. પ્રકૃતિમાં કોઈ દ્વંદ્વ નથી. પ્રકૃતિ દયાળુ પણ નથી, કઠોર પણ નથી. પ્રકૃતિ ખરાબ માણસને ફાંસીએ નથી ચઢાવતી અને સારા માણસને સિંહાસન નથી આપતી. આનો અર્થ સ્પષ્ટ સમજી લેવા જેવો છે કે, આપણે જે કંઈ કરીએ છીએ અને જે કંઈ પામીએ છીએ એ આપણે જ કરેલું છે અને એ આપણે જ ઊભું કરેલું છે. જે કર્યું હતું એનું ફળ પણ આપણે જ ભોગવીએ છીએ. એમાં કુદરતનો કોઈ હાથ નથી હોતો.

હું ચાલતો હોઉં અને મારા પગમાં કાંટાઓ વાગે તો એનો અર્થ એ નથી કે કુદરત મારા પગમાં કાંટા ભોંકવા માટે તૈયાર છે. ખરેખર તો જે રસ્તે કાંટા છે એ મારાથી પસંદ થયો છે અને જો મારા માથા ઉપર પુષ્પવૃષ્ટિ થતી હોય તો એનો અર્થ એવો નથી કે, આકાશના દેવો મારી ઉપર ફૂલ વરસાવવા તૈયાર છે. ખરેખર તો હું એવા વૃક્ષ નીચે બેઠો છું, જે વૃક્ષ નીચે બેસવાથી ફૂલો વરસતાં હોય છે. આ બધા સંયોગ છે. મને કાંટા વાગે કે મારી ઉપર ફૂલોની વર્ષા થાય. ખરેખર તો આ બધી પસંદગીઓ મારી છે. મને પ્રેમ મળે કે લોકોની ગાળો મળે. હું નરકની યાતના ભોગવું કે મારા જીવનમાં સ્વર્ગનું સુખ પ્રગટે, આ બધાની જવાબદારી મારી છે.

પ્રકૃતિ સાવ નિરપેક્ષ છે. પ્રકૃતિ કોઈનાય પક્ષમાં નથી પ્રકૃતિની વ્યવસ્થા જ એ છે કે એ કોઈનામાંય ઉત્સુક નથી હોતી. જો પ્રકૃતિ કોઈનામાંય ઉત્સુક હોત, રસ લેતી હોત તો તો માણસજાત એવી છે કે એ એના દુરુપયોગ શરૂ કરી દેત. તો તો માણસ પ્રકૃતિને પોતાના હાથમાં કંટ્રોલમાં કરવાનો પ્રયત્ન કરત.

**આપણે બધાં જળમાં લખેલાં નામ છીએ. આંગળી જળમાં હોય કે ના હોય, એનાથી પાણીને કોઈ ફેર નથી પડતો. આ વાત એક દૃષ્ટિએ કઠોર લાગે. પરંતુ બીજી દૃષ્ટિએ આનંદપૂર્ણ છે. કારણ કે, જો કુદરત ભાવ રાખતી હોત તો ભેદભાવની પણ શક્યતા હતી. તો પછી એ ભેદભાવને લીધે પાપી સ્વર્ગમાં પણ ચાલ્યો જાત અને એ જ ભેદભાવને લીધે કોઈ પુણ્ય કરે છતાંય નરકમાં સડતો હોત. પ્રકૃતિ પાસે કોઈ ભાવ નથી. પ્રકૃતિને કોઈ પારકું નથી, કોઈ પોતાનું નથી. પ્રકૃતિ કોઈનો સ્વીકાર કરતી નથી, પ્રકૃતિ કોઈનો ઈન્કાર નથી કરતી.**

ખરેખર તો પ્રકૃતિ જરાય લાગણીશીલ નથી. તમે ખાડામાં પડતા હો કે ખીણમાં પડતા હો, પ્રકૃતિ તમને બૂમ પાડીને રોકતી નથી. આ વાત આઘાતજનક છે પણ સાચી છે. એટલે પ્રકૃતિ કઠોર પણ નથી, લાગણીશીલ પણ નથી, પ્રકૃતિ સાવ નિરપેક્ષ છે. પ્રકૃતિને કોઈને માટે કોઈ ભાવ જ નથી. પ્રકૃતિ કોઈના પક્ષમાં કે વિપક્ષમાં નથી. આપણે પ્રત્યેક વાતને તોડીને જ જોવા માટે ટેવાયેલા છીએ. કુદરત આપણી મિત્ર છે કે શત્રુ છે. ના, કુદરત કોઈનીય મિત્ર નથી કે કોઈનીય શત્રુ નથી. પ્રકૃતિ કોઈ તમારો હિસાબ કિતાબે ય રાખતી નથી. પ્રકૃતિને માટે, કુદરતને માટે તમે કોઈ હિસાબ રાખવા જેવા છો જ નહીં. તમારા ન હોવાથી એનામાં કોઈ કમી નથી આવવાની. તમારા હોવાથી એનામાં કોઈ વધારો થવાનો નથી. આપણું અસ્તિત્વ પાણીમાં ડુબાડેલી આંગળી જેવું છે.

**મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,**
**આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.**
**- ઓજસ પાલનપુરી**

આપણે બધાં જળમાં લખેલાં નામ છીએ. આંગળી જળમાં હોય કે ના હોય, એનાથી પાણીને કોઈ ફેર નથી પડતો. આ વાત એક દૃષ્ટિએ કઠોર લાગે. પરંતુ બીજી દૃષ્ટિએ આનંદપૂર્ણ છે. કારણ કે જો કુદરત ભાવ રાખતી હોત તો ભેદભાવની પણ શક્યતા હતી. તો પછી એ ભેદભાવને લીધે પાપી સ્વર્ગમાં પણ ચાલ્યો જાત અને એ જ ભેદભાવને લીધે કોઈ પુણ્ય કરે છતાંય નરકમાં સડતાં હોત. પ્રકૃતિ પાસે કોઈ ભાવ નથી. પ્રકૃતિને કોઈ પારકું નથી, કોઈ પોતાનું નથી. પ્રકૃતિ કોઈનો સ્વીકાર કરતી નથી, પ્રકૃતિ કોઈનો ઈન્કાર નથી કરતી.

આનો અર્થ એટલો જ છે કે જેનામાં જેટલું સામર્થ્ય હોય, જેનામાં જેટલું બળ હોય એ જ થવાનું છે. જો નરક મળે તો પણ મારે લીધે જ અને સ્વર્ગ મળે તો પણ મારે લીધે જ. હું કોઈને દોષિત કે કોઈને જવાબદાર ઠેરવી ના શકું. હું કોઈનો આભાર નહીં માની શકું કે કોઈને ગાળો નહીં દઈ શકું કે તારે લીધે બગડ્યું બધું. આ સૂત્રનો અર્થ એટલો જ છે કે Ultimately I am the responsible. છેલ્લે તો હું જ આ બધાને માટે જવાબદાર છું. આ સૂત્રને આધારે વિચારતા વિચારતા આ ગઝલ પ્રગટી છે.



તુષાર શુક્લ

# કવિના શબ્દને કોણ પૂછે?




છેલ્લા દસકામાં પુનઃ લોકપ્રિય થયેલા ગુજરાતી ગીતોમાં પ્રથમ સ્થાને બિરાજમાન છેઃ તારી આંખનો અફીણી.... (વેણીભાઈ પુરોહિત) ગીતના ઇતિહાસથી હવે ભાવકો પરિચિત છે. ૧૯૫૦માં આવેલી ફિલ્મ : 'દીવાદાંડી'માં આ ગીત આવેલું. ફિલ્મના નિર્માણ જેવા સંકુલ કામની જવાબદારી ઉપાડેલી સંગીતકાર અજિત મર્ચન્ટે. ફિલ્મના દિગ્દર્શક હતા બળવંત ભટ્ટ. કલાકારો હતાં અરવિંદ પંડ્યા, નંદિની, બાબુ રાજે વગેરે. બરકત વિરાણીના નામનો ઉલ્લેખ પણ એમાં છે (સંદર્ભ : ગુજરાતી ફિલ્મકોશ હરીશ રઘુવંશી) આ ગીત, શૂટિંગ સમયે અણધાર્યા આગ્રહમાંથી જન્મ્યું છે અને રસપ્રદ બાબત એ છે કે ગુજરાતી ગીતોનાં ખજાનાનાં સૌથી વધુ રોમૅન્ટિક ગીતનું ફિલ્માંકન થયું છે ફિલ્મના ખલનાયક ઉપર. ફિલ્મના એક સંવાદ (બરકત વીરાણી 'બેફામ') પરથી ગીતનું મુખડું આવ્યું છે. સંગીતકાર અજિત મર્ચન્ટે આ ગીતને પોતાના પ્રિય સ્વરાંકનમાં નથી ગણ્યું અને છતાં આ ગીતે એના ગાયક, સંગીતકાર અને ગીતકારને અમર બનાવી દીધાં છે. સ્વ. દિલીપ ધોળકિયાએ આ ગીતના સ્વરાંકન વિશે પોતાનાં અનેક વક્તવ્યોમાં ઉલ્લેખ કર્યા છે સંગીતકાર અજિત મર્ચન્ટે વાદ્યવૃન્દ પાસેથી જે કામ લીધું છે એને કારણે ગીતમાં આવતા Prelude અને interludes પણ જાણીતા થઈ ગયા છે અને શ્રોતાઓ એ જ સાંભળવા ટેવાઇ ગયા છે!

સ્વભાવે શાંત અને મર્યાદામાં અભિવ્યક્ત થતા ગુજરાતીઓ અને એમની સૌમ્ય ગુજરાતી ભાષામાં પ્રેમની આવી મુખર અભિવ્યક્તિ ભાગ્યે જ કાને પડે છે. જ્યારે અહીં તો વેણીભાઈએ ગીતના આરંભે જ નાયિકા પર ઓળઘોળ થઈને ત્રણ ત્રણ પ્રમાણપત્રો જાહેર કરી દીધાં છે : (૧) તારી આંખનો અફીણી, (૨) તારા બોલનો બંધાણી અને (૩) તારા રૂપની પૂનમનો પાગલ! હવે, આટલી ઉન્મુક્ત અભિવ્યક્તિ કોને મુગ્ધ ન કરે? અને એમાં ભળ્યાં સ્વરાંકન અને ગાયન... પરિણામે જે કેફ ચડ્યો તે હજી ય ઊતરવાનું નામ નથી લેતો!

અને એ જ કારણે એક જમાનામાં એકમાત્ર પ્રાપ્ય અને લોકપ્રિય પ્રસારણ માધ્યમ એવા આકાશવાણીએ પોતાનાં પ્રસારણોમાં આ ગીત પર 'પ્રસારબંધી' ફરમાવી દીધી હતી! શિષ્ટતાના ઉચ્ચતમ ધોરણોના માનદંડ ધરાવતા માધ્યમ માટે આવું 'નશીલું' ગીત પ્રસારણ યોગ્ય ન જ ગણાય! (આ પણ એક ધ્યાન ખેંચે તેવી બાબત છે કે, પ્રસારણના પ્રચાર વગર જ આ ગીત અત્યંત લોકપ્રિય બન્યું!)

છેલ્લા દશકામાં લગભગ તમામ ગાયકોએ આ ગીત ગાયું છે, ગાય છે, ને ગાતા રહેશે એવો એનો 'રંગ' છે. કેટલીય કૅસેટ/સીડીમાં આ ગીત અનધિકૃતપણેય ગવાયું ને સમાવાયું છે. ગુજરાતી ગીતોની મહેફિલોમાં આ ગીતની રજૂઆત અનિવાર્ય બની છે.

પણ, આ અપાર લોકપ્રિયતાને કારણે, કલાકારો આ ગીત ગાવા પ્રેરાય છે

ત્યારે ગીતને અન્યાય કરી બેસે છે. ઘણા કલાકારો ગીતના સાચા શબ્દ સુધી પહોંચવાનો પ્રયત્ન નથી કરતા. મોટાભાગનાને એની જરૂરિયાત જ નથી લાગતી. ગીતની લોકપ્રિયતાના પૂરમાં કલાકારની સાથે જ વહેતો શ્રોતા પણ ગીતના સાચા શબ્દ વિશે બેપરવા છે. એ તો બસ, ગીતનું મુખડું માણે છે અને એના સ્વરાંકનમાં ડોલે છે. ગીતના કેફમાં ગીતના શબ્દને ઓળખવાની જ પડી નથી ત્યાં સમજવાના પ્રયત્નોમાં તે કોણ પડે? ડોલાવનારા છે અને ડોલનારા છે ત્યાં આવી માથાકૂટમાં શા માટે સમય વેડફવો?

પરિણામે, ગીતના અંતરામાં આવતી પંક્તિ 'પાંખોની પડખે જ પરબડી, આંખો જુવે પીચાવો' કૈંકને ગોટે ચડાવે છે. વેણીભાઈની પાસે તળપદ બોલીની અભિવ્યક્તિ છે. 'પરબડી' અને 'પીચાવો'થી અપરિચિત ગાયક અને શ્રોતાઓની આખી પેઢી અત્યારે વાહ વાહ લૂંટવા અને કરવામાં પડી છે. આથી જ 'પાંખો' અને 'આંખો'ની અદલબદલ પણ કાને અથડાય છે. 'પીચાવો' – 'પી–આવો' ય થાય છે. સ્વ. દિલીપભાઈ જીવનના છેલ્લાં વર્ષોમાં આ રચનાને બહુ જ શ્રદ્ધાભાવથી પોતાના ઈષ્ટની આરાધના–વંદનામાં ગાતા. ત્યારે આ પંક્તિનું મૌલિક અર્થઘટન પણ કરતા!

અલબત્ત, ગીત કવિતાના સ્વરૂપમાં શિથિલતા પણ એક ભયસ્થાન રહ્યું છે. અનેક જાણીતાં ગીતોમાં ગીતકાર પણ શબ્દપસંદગી પ્રત્યે બેપરવા જણાયા છે. મૌલિક ફેરફાર સાથે નવા જ શબ્દો ચલણમાં મૂકવા જતા ક્યાંક શબ્દકોશને આઘો ય મૂક્યો છે. ક્યાંક વ્યાકરણની નિયમિતતાને ય ઉવેખીને વાક્યરચના કરી છે. પરિણામે

**ગીતના સાચા શબ્દોને જાણવા એ સ્વરકારની પ્રથમ અનિવાર્યતા છે. ભાષા ન જાણતા હોય તેમણે કોઈ અધિકારી વ્યક્તિ પાસેથી અર્થ અને ભાવને સમજવા જોઈએ. ગીતના શબ્દો, જે તે ભાષા અને એ ભાષા બોલતી પ્રજાના સંસ્કાર જીવનના પ્રતિનિધિ છે. એના કોષગત અર્થ સિવાયની ય અર્થછાયા હોય છે જે એ ભાષા બોલતા ભાષકોના જીવન સાથે જોડાયેલી હોય છે. અંગ્રેજી આવડવું અને અંગ્રેજોની જીવનરીતિથી અજાણ રહેવું એ અર્ધજ્ઞાન છે.**

સ્વરકારો ગૂંચવાયા છે અને સ્વરવિરામ ખોટા સ્થાને ય આવી જાય છે. લખાયેલી પંક્તિમાં વિરામ સ્થાન દર્શાવી શકાય છે. બોલાતી પંક્તિમાં ઉચ્ચારીને અર્થ સ્પષ્ટ કરી શકાય છે પણ સ્વરાંકન સમયે કર્તા–કર્મ–ક્રિયાપદ અને વિશેષણ–સર્વનામના આગળ–પાછળ થવાથી સ્વરવિરામ બહુ જ અગત્યનાં બને છે. કવિતાનો અર્થ ઉઘાડવામાં કે અટવાવવામાં એ જવાબદાર બને છે.

ગીતના સાચા શબ્દોને જાણવા એ સ્વરકારની પ્રથમ અનિવાર્યતા છે. ભાષા ન જાણતા હોય તેમણે કોઈ અધિકારી વ્યક્તિ પાસેથી અર્થ અને ભાવને સમજવા જોઈએ. ગીતના શબ્દો, જે તે ભાષા અને એ ભાષા બોલતી પ્રજાના સંસ્કાર જીવનના પ્રતિનિધિ છે. એના કોષગત અર્થ સિવાયની ય અર્થછાયા હોય છે જે એ ભાષા બોલતા ભાષકોના જીવન સાથે જોડાયેલી હોય છે. અંગ્રેજી આવડવું અને અંગ્રેજોની જીવનરીતિથી અજાણ રહેવું એ અર્ધજ્ઞાન છે. ગુજરાતી ભાષામાં બોલીનું વૈવિધ્ય છે અને એની જાણકારી સ્વરકાર અને ગાયક પાસે અપેક્ષિત છે. બોલીના શબ્દોની 'ઉચ્ચાર–વિશેષતા' જે તે બોલીના ભાષક પાસેથી 'સાંભળી' લેવી જરૂરી છે. બોલીના શબ્દપ્રયોગને માન્યભાષાના ઉચ્ચારણમાં પલટવાથી માધુર્યનો (અને ક્યાંક અર્થનો ય) હ્રાસ થાય છે.

આ સંદર્ભે યાદ આવે છે આપણી ગુજરાતી ગીતમંજૂષાનું એક ઓર ઘરેણું : સાંવરિયો રે મારો સાંવરિયો (કવિ : રમેશ પારેખ) આ ગીત કવિના કાવ્યસંગ્રહ : 'અહીંથી અંત તરફમાં' સમાવિષ્ટ છે. છેલ્લા દશકામાં સતત ગુંજતું અને ગમતું રહેલું આ ગીત પણ ૧૯૮૨માં આવેલી ફિલ્મ : 'નસીબની બલિહારી'નું છે. (આપણાં અનેક લોકપ્રિય ગીતો ફિલ્મગીતો છે) ગીતના સ્વરકાર છે લોકભોગ્યતાનો લક્ષ્યવેધ કરીને લોકપ્રિય બનેલા ગૌરાંગ વ્યાસ. આ ગીતનું સર્જન પણ રસપ્રદ ઈતિહાસ ધરાવે છે. ફિલ્મના નિર્દેશક અને આપણા ગૌરવસમા નાટ્યકાર નિમેષ દેસાઇ કહે છે તેમ આ ગીતનું મુખડું બસની ટિકિટના પાછળના ભાગે અવતર્યું અને પછીથી એના અંતરા ઉમેરાતા ગયા. આ ગીત ચાલ્યું ને ફિલ્મ ન ચાલી એ ય નસીબની બલિહારી, નિમેષભાઇએ ગુજરાતી ગીત કવિતાના શીર્ષસ્થ કવિ રમેશ પારેખને ગુજરાતી ફિલ્મ માટે ગીત લખવા પ્રેર્યા ને સર્જાયું આ ચિરંજીવ ગીત. અલબત્ત, એની આ અપ્રતીમ લોકપ્રિયતામાં સ્વરકાર ગૌરાંગ વ્યાસનું યોગદાન પણ સમાંતરે યશનું અધિકારી.

આ ગીતમાં આપણા અમરેલીના કવિ રમેશ પારેખે લખ્યું : 'કોઈ પૂછે કે ઘર

તારું કેટલું? મારો વ્હાલમજી બથ ભરે એટલું' હવે અહીં 'બથ' ને 'બાથ' કરીને ગાવાથી જે નુકસાન થાય છે તે સહૃદય સમજી શકે છે (અંગ્રેજી માધ્યમના પ્રચાર સાથે આ 'બાથ' તો અનર્થ પણ કરે!) આ ગીત જાતભાતના ફેરફાર સાથે ગવાય છે.

આ જ ગીતમાં એક પંક્તિ છે :

'એણે ખાલી ઘડામાં ટહુકો ભરીઓ!' આ પંક્તિ ખોટી ગાનારા ઘણા છે. 'ટહુકો' સાથે જ યાદ આવતું 'ગળું' અહીં અનાયાસ 'ઘડા'ની જગ્યા લઈ લે છે : 'એણે ખાલી ગળામાં ટહુકો ભરીઓ.' ફેરફાર કદાચ કવિતાને લાભદાયી લાગે પણ અહીં જ પરિસ્થિતિનાં ઉત્તરમાં ગીત આવ્યું છે એને અન્યાય થાય છે. ફિલ્મનાં ગીતો Situational હોય છે, પરિણામે એની ઉપેક્ષા ગીતને અન્યાય કરે છે. અવિનાશ વ્યાસનું લોકપ્રિય ગીત છે. ફિલ્મ : ગુણસુંદરી (૧૯૪૮) નું. એમાં એક નણંદના હૈયાનો ભાવ છલકે છે. નણંદ–ભાભીના સંબંધની કટૂતાના ગીતો વચ્ચે આ ગીત ભાભીના પક્ષે ઢળેલી નણંદની અભિવ્યક્તિ છે : 'તમે થોડાં થોડાં થાવ વરણાગી, ઓ ભાભી, તમે થોડાં થોડાં થાવ વરણાગી.' આ ગીતમાં 'તમે' અને 'હવે' ની ફેરબદલ રજૂઆતને રસપ્રદ બનાવે છે. કવિની કૃતિમાં કોઈપણ ફેરફાર – ઉમેરણ કે ઘટાડો કે સ્થાનફેર–કવિની અનુમતિ વગર થાય તે અયોગ્ય! ક્યારેક સ્વરકારનું સૂચન કવિતાને લાભદાયક પણ સિદ્ધ થાય છે અને કવિતાના ભાવદર્શનને નવું પરિમાણ આપે છે. કવિ–સ્વરકાર નિનુ મઝુમદારની જાણીતી રચના છે : સાવ રે અધૂરું મારું આયખું! આ રચના 'જાણીતી' બની છે સ્વરકાર ક્ષેમુ દીવેટીઆના સ્વરાંકનમાં – જેમાં સ્વરકારનું ઉમેરણ 'હે જી વ્હાલા...' ગીતને આપણી સમૃદ્ધ ભજન પરંપરા સાથે જોડી આપે છે. આ ઉમેરણ સાથેનું ગાન સ્વ. નીનુભાઈની હયાતીમાં જ થતું રહ્યું છે અને આવકાર પણ પામ્યું છે.

કેટલીક વાર કવિઓ પોતે પણ 'પાઠફેર' કરતા હોય છે. આવા સંજોગોમાં અધિકૃતતાનો પ્રશ્ન સર્જાય તે સ્વાભાવિક છે. ધ્વનિમુદ્રિત થઈ ગયેલા ગીતમાં આવા 'પાઠફેર' મુજબના ફેરફાર શક્ય નથી તે સ્વીકારવું રહ્યું. છપાયેલી કૃતિ સામે રાખીને સ્વરબદ્ધ કરનારા સ્વરકારો પણ 'છાપભૂલ'ના ભોગ બને છે તો 'કેસેટ/સીડી ઘરાણા' ના ગાયકોમાં એક જ ભૂલ આગળ વધતી ય કાને પડે છે.

આમ છતાં, કવિતાના અધિકૃત પાઠને મેળવવો એ કલાકારની ફરજ છે. એ અર્થબોધ કરવા અનિવાર્ય પણ છે અને આપણા કલાકારો જ આપણી કવિતાના સ્વરદૂત પણ છે ને!





૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
ટેલિફેક્સ: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪–૩૫
Email : swarsetu@yahoo.com


વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ


વાચકમિત્રો અને 'સ્વરસેતુ'ના સંગીતભાવકોને વિનંતી કે આ ન્યૂઝ ડાયજેસ્ટ અંગેના આપના નિખાલસ પ્રતિભાવ અને સૂચનો જરૂર લખી જણાવશો. 'સ્વરસેતુ'ના વિવિધ 'થીમ' આધારિત કાર્યક્રમો વિશેનો આપનો અભિપ્રાય કે આપનું સૂચન પણ અમને અવશ્ય જણાવશો.

શ્યામલ–સૌમિલ દ્વારા અવારનવાર પ્રગટ થતી સીડી અને ડીવીડી વિશે પણ આપ આપનાં મંતવ્યો જણાવશો તો એ અમને અમારી ભવિષ્યની વિવિધ યોજનાઓમાં ઉપયોગી થઈ પડશે.

# ગુજરાતી પરિવારે ઘરમાં ગુજરાતીમાં જ બોલવું જોઈએ: જિતેન્દ્ર ચૌહાણ

૨, ઑગસ્ટના રોજ લીંબડીમાં જન્મેલા બિઝનેસમેન જિતેન્દ્ર ચૌહાણ મેન્સવેર ડિઝાઈનર 'જેડબ્લુ'ના સ્થાપક-સંચાલક છે. અમદાવાદમાં રતનપોળનાં ફૂટપાથ પર સાડીઓના છૂટક વેચાણના એ કપરા દિવસો તથા ટેલરિંગ દુકાનની મહેનતે મેન્સવેર રીટેઈલ ચેઈન બ્રાન્ડ 'જેડબ્લુ'એ ગુજરાતને દેશ-વિદેશમાં જાણીતું બનાવ્યું છે. સાયકોલૉજીમાં બી.એ સુધી ભણેલા જિતેન્દ્રભાઈએ પિતા ચિમનલાલ ચૌહાણના નકશેકદમ પર ચાલી બિઝનેસમાં દિવસ-રાત એક કરીને સફળતાનાં શિખરો હાંસલ કર્યાં છે. ગ્રાહકની માનસિકતાને પારખીને તેને અનુરુપ ડિઝાઈન તૈયાર કરવામાં જ તેમની સફળતાનું રહસ્ય છુપાયેલું છે. પ્રામાણિકતા, સખત પરિશ્રમ અને સોંપેલા કામને ચીવટપૂર્વક પૂરું કરવાની ટેવ ધરાવતા આ મળવા જેવા માણસને આપણે ચાલો નજીકથી જાણીએ...

- દેવજ્ઞા જોષી



**આપનો આદર્શ(રોલ મૉડલ)?**
રતન તાતા.

**ઘેલછા કહી શકાય તેવો શોખ?**
સાચું કહું તો Business પાછળ ઘેલો છું.

**એવી કઈ વસ્તુ કે જેના વગર જીવવું અશક્ય બની જાય?**
પરિવારના પ્રેમ વગર જીવનમાં અધુરપ લાગે.

**અત્યાર સુધીનું સૌથી સાહસિક કામ કયું લાગ્યું?**
ઑક્ટોબર, ૨૦૧૧માં હૈદરાબાદમાં જેડબ્લુનો ૧૭,૦૦૦ સ્કવેરફિટનો શોરૂમ ખોલ્યો જે અત્યાર સુધીનું સૌથી સાહસિક કામ લાગ્યું.

**છેલ્લે ક્યારે સૌથી વધુ ખુશ થયા હતા?**
'સૌથી વધુ ખુશ'ની વ્યાખ્યા તો ખબર નથી હાલમાં પણ હું ખુશખશાલ છું.

**છેલ્લે ક્યારે રડ્યા હતા?**
મારા એક આર્કિટેક્ટ મિત્રના અવસાન સમયે.



અત્યાર સુધીનું સૌથી સાહસિક કામઃ : હૈદરાબાદમાં ૧૭,૦૦૦ સ્કવેરફિટમાં ખોલેલો 'જેડબ્લુ'નો ભવ્ય શોરૂમ.

**અન્ય વ્યક્તિની કઈ ખૂબી ગમે ?**
નિખાલસતા.

**આપની સફળતાનું રહસ્ય ?**
એક લીટીમાં નહિ કહી શકાય. નાનપણથી જ માતા તરફથી મળેલ સંસ્કાર જેવા કે અથાગ મહેનત, ચીવટતા, ઈમાનદારી અને પરોપકારની ભાવના એ મારી સફળતાનું રહસ્ય કહી શકાય.

**મનપસંદ અભિનેતા અને અભિનેત્રી ?**
રાજકુમાર, અમિતાભ બચ્ચન અને મીનાકુમારી, રેખા.

**મનપસંદ ફિલ્મ ?**
મુગલે આઝમ, દિલ એક મંદિર.

**મનપસંદ ગાયક અને ગાયિકા ?**
મોહમ્મદ રફી, લતા મંગેશકર.

**મનપસંદ ટીવી કાર્યક્રમ ?**
ટીવી સિરિયલ જોતો નથી. પરંતુ ક્યારેક CID અને CRIME PETROL જોઉં છું તથા સારા સિને એવોર્ડસ જોવાનું પસંદ કરું છું.

**મનપસંદ ગીત ?**
'બહારો ફૂલ બરસાઓ...' અને 'યે રાત ભીગી ભીગી યે મસ્ત હવાએ...'

**નવું ગમતું ગીત ?**
યાદ નથી.

**તમારા વિશે એક વાક્યમાં અભિપ્રાય ?**
દીર્ઘ દૃષ્ટિ અને ગણતરીપૂર્વક કાર્ય કરું છું.

**તમે આ ક્ષેત્રમાં ન હોત તો ક્યા ક્ષેત્રમાં હોત ?**
હું ડિટેક્ટિવ કે પોલીસ ખાતામાં કોઈ હોદ્દા પર હોત.

**અત્યારે કયું પુસ્તક વાંચો છો ?**
'મારું જીવન સૂત્ર' સંપાદક–અંકિત ત્રિવેદી.

**ગમતા ગુજરાતી કવિ અને લેખક ?**
કવિ સુરેશ દલાલ જ્યારે લેખકમાં પન્નાલાલ પટેલ અને કનૈયાલાલ મુનશી.

**મનપસંદ નાટક ?**
ગુજ્જુભાઈની ગોલમાલ.

**કેવું સંગીત સાંભળવું ગમે ?**
હળવું સંગીત.

**પ્રિય પુસ્તક ?**
The Monk Who Sold His Ferrari- Robin Sharma

**પ્રિય ભોજન ?**
સાત્વિક ગુજરાતી ભોજન અને હા, મારી પ્રિય ડિશ પાંઉભાજી છે.

**બાળપણમાં ભણવામાં આવતી કઈ કવિતા યાદ આવે ?**
'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ...'

**પ્રિય પ્રવાસસ્થળ ?**
હિલ્સ પર આવેલાં પ્રવાસસ્થળો ગમે છે.

**પ્રથમ વખત હસ્તાક્ષર (ઑટોગ્રાફ) ક્યારે કર્યા હતા ?**
મને યાદ છે ત્યાં સુધી બૅન્કમાં એકાઉન્ટ ખોલાવ્યું તે વખતે.

**વીક એન્ડ અને રજામાં સમય કેવી રીતે વિતાવો છો ?**
વીક એન્ડમાં બપોરે આરામ કરું છું અને સાંજ પરિવાર સાથે વિતાવું છું.

**માતૃભાષા ગુજરાતીને જાળવવા શું કરવું જોઈએ ?**
ગુજરાતી પરિવારે ઘરમાં ગુજરાતી જ બોલવું જોઈએ અને બાળકો સાથે પણ ગુજરાતીમાં વાત કરવી જોઈએ.

# વીક એન્ડમાં તો માત્ર ફેમિલીમેન




વીક એન્ડ માત્ર પરિવાર સાથેઃ (ડાબેથી) પત્ની વેણુબહેન, જિતેન્દ્રભાઈ, પુત્રી શિવંકરી અને પુત્ર શાંભવ



માઉન્ટ આબુઃ હિલ્સ પર આવેલાં પ્રવાસસ્થળો હંમેશાં આકર્ષિત કરે છે.



સફળતાની વ્યાખ્યાઃ દીર્ઘદ્રષ્ટિ અને ગણતરીપૂર્વકનું કાર્ય.



સફળતાના સાથી પત્ની વેણુ સાથે




આપના ઘર ને આપો
એક સ્ટાઈલીશ લુક...





kiwa
an ISO 9001:2008 company
Modular Kitchens | Utility Beds | Wardrobes
Dressing Tables | TV Units

Experts in Bedroom Interiors

○ ઘરે મિસ્ત્રીકામની માથાકુટમાંથી છુટકારો ○ વધુ સ્ટોરેજની સગવડ ○ ઈમ્પોર્ટેડ મશીનરી પર બનાવેલ
○ ટકાઉ – સુંદર દેખાવ – વ્યાજબી કિંમત

KIWA STUDIO
એફ–૨, લેન્ડમાર્ક એપાર્ટમેન્ટ, બેંક ઓફ મહારાષ્ટ્રની ઉપર, સહજાનંદ કોલેજની પાસે, પાંજરાપોળ ચાર રસ્તા,
આંબાવાડી, અમદાવાદ. Tel: 98240 11115, 26302520

શ્રી મધુર ઈલેક્ટ્રોનિક્સ, મણીનગર ચાર રસ્તા, મણીનગર, અમદાવાદ. Tel: 079 25451941
www.kiwamodular.com



વિવેક દેસાઈ

# ગોળ સર્કસની ગતિ શૂન્ય તરફ...

'સર્કસ'માં લોકો કેવી રીતે જીવતા હશે! એ લોકોની જીવનશૈલી કેવી હશે! ગોળાકાર તંબૂની વચ્ચે ૨૦૦થી ૩૦૦ માણસો કેવી રીતે રહેતા હશે! આ બધું જાણવાની ને 'ક્લીક' કરવાની ઈચ્છા હતી. ૨૦૦૩થી 'સર્કસ'ના માલિકો સાથે વાતચીત કરવાનું શરૂ કર્યું ને ક્યાંક પરવાનગી મળી તો ક્યાંક નહીં... જેમ જેમ મેં ફોટોગ્રાફી શરૂ કરી એમ મારો રસ ને ઉત્સાહ વધવા માંડ્યો. લગભગ ૮ સર્કસ જોડે મારો નાતો ઘનિષ્ઠ રહ્યો છે. આજે પણ કલાકારો સાથે ફોનથી વાતચીત કરું છું. પુસ્તક સ્વરૂપે "Indian Circus" ને લોકો સુધી પહોંચાડવાની ઈચ્છા હૃદયમાં હજુ અકબંધ છે. ને એ થશે એના વિશ્વાસ સાથે. આજે પણ સમય મળે ત્યારે 'સર્કસ'માં જઈને કૅમેરા દ્વારા કરું છું. 'ક્લિક-ક્લિક...'



કલ ખેલ મે હમ હો ન હો...











સીતેર–એંશી ને નેવુંના વચલા દાયકા સુધીમાં જે લોકો સ્કૂલમાં હશે એ લોકોને ખબર હશે કે શહેરમાં 'સર્કસ'નું આગમન થાય એટલે સ્કૂલમાં સર્કસવાળાઓ રંગીન કન્સેશન કૂપનોની ચોપડી મોકલાવે ને ક્લાસટીચર બધાને ૨–૨ કૂપનો આપીને કહે 'પપ્પાને કહેજો સર્કસ જોવા લઈ જાય...' એ સમયે અમદાવાદમાં સર્કસ લગભગ વર્ષમાં એક વાર તો અચૂક આવતું. ને પૂલની પેલે પારથી આવતાં બાળકો નદીના પટમાં બંધાયેલા વિશાળ ગોળ તંબુવાળા સર્કસની ચર્ચાઓ આ પારના અમદાવાદી બાળકો સાથે કરતા, આ સ્વાનુભવ છે.

સર્કસ શહેરમાં આવ્યું છે, જેની જાણ થતા જ બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો. વાઘ, સિંહ જેવાં જંગલી પ્રાણીઓના ખેલ. ને એ ખેલ કરાવનાર રિંગ માસ્ટરનો પટાક–પટાક ચાબૂક પછાડવાનો અવાજ યાદ આવે છે તમને ? ચાર હાથીઓ આવીને આરતી કરે, ને ફૂટબૉલને હાથી જોરથી કિક મારીને પબ્લિકમાં મોકલી આપે. ને તમારા હાથમાં આવે, ને તમે એને પાછો આપ્યો હોય એવું યાદ છે તમને ? ઠીંગુજી જોકરો ખડખડાટ હસાવે એ યાદ આવ્યું ? સાચું કહું, જમાનો બહુ ઝડપથી બદલાયો છે. ટેલિવિઝન ને મલ્ટિપ્લેક્સનો યુગ શરૂ થતાં જ મનોરંજનના સર્કસ જેવા પ્યોર મનોરંજનના માધ્યમોનો યુગ જાણે આંખ સામે ઓસરી ગયો ને આપણે જોતાં જ રહી ગયા!! બીજા અર્થમાં ટૅક્નોલોજીની આ હરણફાળે નવી પેઢીના બાળકોનું બાળપણ જ જાણે છીનવી લીધું.

ભારતમાં ૧૮૮૦થી સર્કસનો યુગ શરૂ થયેલો. જાણીતા અંગ્રેજ ઘોડેસવાર ફિલીપ એસલેના મત પ્રમાણે પ્રથમ ભારતીય સર્કસ ૧૮૮૦માં શરૂ થયેલું. ઘોડા પર



એ ભાઈ જરા દેખ કે ચલો...



ઓલ ધ બેસ્ટ...

બેસીને અદ્દભુત સ્ટંટ કરનાર વિષ્ણુપંત છાત્રેને ભારતમાં સર્કસ શરૂ કરવાનો જશ આપવો પડે. ૧૯૦૧માં વિષ્ણુપંત છાત્રેની વિનંતીને માન આપીને કુન્હીકન્નાને કોચાલમ પાસે ચિરાક્કારામાં એક સર્કસ ટ્રેનિંગ શાળાની સ્થાપના કરી. આ શાળાને એ સમયે અદ્દભુત સફળતા મળી ને ઘણાં સર્કસ કલાકારો આ શાળામાં તૈયાર થયા ને તેમણે પોતાનું સર્કસ શરૂ કર્યું. અમેરિકન સ્ટાઈલનું ૬ પોલ (થાંભલા) ને ત્રણ રિંગનું સર્કસ એ માત્ર ભારતનું નહીં પણ આખા એશિયાનું સૌથી મોટું સર્કસ હતું. કુન્હીકન્ના આજે પણ સર્કસ ઈન્ડસ્ટ્રીના ભીષ્મપિતામહ તરીકે ઓળખાય છે. ૯૦ના દાયકાના મધ્યભાગ સુધી ભારતમાં ૧૨૭ જેટલાં નાના-મોટાં સર્કસ હતાં. ને આજે એની સંખ્યા માત્ર ૨૩ જેટલી રહી છે. મોટાં સર્કસનાં માલિકોએ બીજા વ્યવસાયમાં ઝંપલાવ્યું છે પણ, સર્કસ ચાલુ રાખ્યાં છે માત્ર કલાકારો માટે. ૧૦૦ વર્ષ જૂનાં સર્કસમાં કેટલીય પેઢીઓ ઊછરી છે. જો સર્કસ બંધ થાય તો આ કલાકારોનું શું ? ક્યાં જશે! આ ડરના કારણે જ આજે સમજુ સર્કસ માલિકોએ એમનાં સર્કસ ખોટમાં ચાલતા હોવા છતાં ચાલુ રાખ્યાં છે. જોકે બંગાળ, કેરળ જેવાં રાજ્યોમાં આજે પણ મનોરંજનનું આ માધ્યમ ઠીક-ઠીક કમાણી કરી લે છે ને લોકો

**ભારતમાં ૧૨૭ જેટલાં નાના-મોટાં સર્કસ હતાં. ને આજે એની સંખ્યા માત્ર ૨૩ જેટલી રહી છે. મોટાં સર્કસનાં માલિકોએ બીજા વ્યવસાયમાં ઝંપલાવ્યું છે પણ, સર્કસ ચાલુ રાખ્યાં છે માત્ર કલાકારો માટે. ૧૦૦ વર્ષ જૂનાં સર્કસમાં કેટલીય પેઢીઓ ઊછરી છે. જો સર્કસ બંધ થાય તો આ કલાકારોનું શું ? ક્યાં જશે!**







આજે પણ મજા લે છે.

'સર્કસ'માં લોકો કેવી રીતે જીવતા હશે! એ લોકોની જીવનશૈલી કેવી હશે! ગોળાકાર તંબૂની વચ્ચે ૨૦૦થી ૩૦૦ માણસો કેવી રીતે રહેતા હશે! આ બધું જાણવાની ને 'ક્લીક' કરવાની ઇચ્છા હતી. ૨૦૦૩થી 'સર્કસ'ના માલિકો સાથે વાતચીત કરવાનું શરૂ કર્યું ને ક્યાંક પરવાનગી મળી તો ક્યાંક નહીં... જેમ જેમ મેં ફોટોગ્રાફી શરૂ કરી એમ મારો રસ ને ઉત્સાહ વધવા માંડ્યો. લગભગ ૮ સર્કસ જોડે મારો નાતો ઘનિષ્ઠ રહ્યો છે. આજે પણ કલાકારો સાથે ફોનથી વાતચીત કરતો રહું છું. પુસ્તક સ્વરૂપે "Indian Circus'ને લોકો સુધી પહોંચાડવાની ઇચ્છા હૃદયમાં હજુ અકબંધ છે. ને એ થશે એના વિશ્વાસ સાથે. આજે પણ સમય મળે ત્યારે 'સર્કસ'માં જઇને કૅમેરા દ્વારા કરું છું. 'ક્લિક–ક્લિક...' સર્કસની આ તસવીરો માણવી ગમશે. (**લેખની તસવીરો ગ્રેટ બૉમ્બે સર્કસ, રેમ્બો સર્કસ તથા જેમિની સર્કસની છે.**)

**નદીના પટમાં બંધાયેલા વિશાળ ગોળ તંબુવાળા સર્કસની વાત હવે કદાચ પુસ્તકના પાનામાં જ રહી જશે.**



ગુજરાતી સંસ્કૃતિની સુવાસ વિશ્વભરમાં પ્રસરેલી છે. તેનાં મૂળમાં આપણી કલાસંસ્થાઓ રહેલી છે. જે સતત આપણી અસ્મિતા અને સંસ્કૃતિને જાળવવાના પ્રયત્નો કરતી રહે છે. અહીં આપણે આવી જ કેટલીક સંસ્થાનો પરિચય કરીશું. જેમાં આ વખતે ભરૂચની 'શિવરંજની' સંસ્થાનો પરિચય મેળવીએ... - **દેવજ્ઞા જોષી**

# 'શિવરંજની'એ ખડું કર્યું ભરૂચમાં ભાવજગત



માતંગી અને ધીમંત ઓઝા સાથે હાસ્યકવિ સુભાષ કાબરા

'૨૦૦૪ની સાલની વાત છે. મુંબઈથી હિતેન આનંદપરાનો મારા પર ફોન આવ્યો. તેમણે કહ્યું કે, સુરેશ દલાલને તમારી સાથે વાત કરવી છે. સુરેશભાઈએ ફોન પર મને કહ્યું : તમે ભરૂચમાં ખૂબ સારું ઑડિયન્સ તૈયાર કર્યું છે. જેથી અમારા ઇમેજના કાર્યક્રમો ભરૂચમાં લઈને આવવા છે. પરંતુ તેનું સમગ્ર આયોજન તમારે કરવાનું છે. આ વાત સાંભળીને હું તો ખૂબ રાજી થઈ ગઈ.' આ શબ્દો છે ભરૂચને ગુજરાતી ગીત-સંગીત, સાહિત્ય અને ગરબાના કાર્યક્રમો દ્વારા ધબકતું રાખનાર શિવરંજની સંસ્થાના સ્થાપક માતંગી ઓઝાના. માતંગીબહેન કહે છે કે, ૨૦૦૪થી દર વર્ષે ઇમેજ પ્રકાશન દ્વારા ભરૂચમાં થતા કાર્યક્રમો શિવરંજની સંસ્થાની આગેવાની હેઠળ થાય છે. જે કદાચ અમારામાં મૂકવામાં આવેલો મોટો વિશ્વાસ છે. પરંતુ આ વિશ્વાસ સર્જન પાછળ શિવરંજનીની પ્રવૃત્તિને નજીકથી જાણવી જરૂરી છે.

માતંગીબહેન કહે છે કે, ૧૯૭૭માં શિવરંજનીની સ્થાપના વડોદરા ખાતે થઈ એ વખતે સંસ્થા ગરબા ગ્રૂપ તરીકે જ જાણીતી હતી. ગરબા ઉપરાંત લગ્નગીત, સુગમ સંગીતના કાર્યક્રમો થતા હતાં પરંતુ મુખ્ય ફોકસ ગરબા જ હતું. ૧૯૭૯ મારા પતિ ધીમંત ઓઝાની ભરૂચ જીએનએફસીમાં બદલી થઈ એટલે અમારે ભરૂચ શિફ્ટ થવું પડ્યું. અમારા માટે આ સ્થળ નવું હોવાની સાથે કલાપ્રવૃત્તિથી પણ એકદમ વિમુખ હતું. સાહિત્ય-સંગીત અને સંસ્કૃતિથી ઘેરાયેલો અમારા માહ્યલાએ ભરૂચમાં શું કરવું તે માટે સતત વિચારતા કરી દીધાં. પરંતુ અમારા બંનેની મહેનત ઉપરાંત ભરૂચવાસીઓના સહકારથી ગીત-સંગીત અને ગુજરાતી સંગીતનું ભાવભર્યું જગત ખડું કરી શક્યાં છીએ.

સંસ્થાના પ્રારંભના દિવસોની વાત કરતાં માતંગીબહેન કહે છે કે, અમે અમારા ઘરે-ગાર્ડનમાં બેઠકો સ્વરૂપે કાર્યક્રમ કરતાં હતાં. મને યાદ છે કે, સૌ પ્રથમ કાર્યક્રમ જે અમારા ઘરે થયો હતો તેમાં ગાર્ગી વોરા, સ્વ. ભદ્રાયુ ધોળકિયા, દીપ્તિ દેસાઈએ ગુજરાતી




પહેલો કાર્યક્રમ મેઘધનુષ

ગીત-સંગીતને રજૂ કર્યું હતું. ધીમે-ધીમે આવી બેઠકોની ભરૂચભરમાં ખબર પડવા માંડી અને કાર્યક્રમો માણવા માટે વધુ ને વધુ લોકો આવતા ગયા. જેને લીધે અમારું આંગણું ટૂંકું થવા લાગ્યું. સાથે સાથે અમને પણ થયું કે શિવરંજનીનું સંગીતવર્તુળ હવે ઘણું વિકસી ગયું છે ત્યારે હવે આપણે વિશાળ સ્ટેજ પર કાર્યક્રમ કરવા જોઈએ.

૧૯૯૮માં ભરૂચના ટાઉનહૉલ ખાતે પહેલો કાર્યક્રમ અમે 'મેઘધનુષ' કર્યો. જેમાં જન્મથી મૃત્યુ સુધીનાં ગીતોનો સમાવેશ

**માતંગીબહેન અને ધીમંતભાઈ કહે છે કે, ભરૂચમાં અમે 'શિવરંજની'ની કલાપ્રવૃત્તિ આરંભી ત્યારે ઘરનું આંગણું જ સ્ટેજ હતું. ધીમે-ધીમે ભરૂચવાસીઓના કલા પ્રત્યેના લગાવથી અમારી પ્રવૃત્તિ વિસ્તરીને એક નવા આયામ અને મુકામ પર પહોંચી છે.**

કર્યો હતો. આ પ્રોગ્રામમાં સ્વ ભદ્રાયુ ધોળકિયા, રાકેશ ધોળકિયા, માતંગી ઓઝા, નેહા અંતાણી, હેતલ ઝાલા, દેવેશ દવેએ ગુજરાતી ગીતો રજૂ કર્યાં હતાં અને કાર્યક્રમનું સંચાલન મુકુલ ચોકસીએ કર્યું હતું.



શ્યામલ-સૌમિલ આરતી સંગ થઈ ભરૂચની 'મોસમ ગુલાબી'

શિવરંજની દ્વારા બહારથી કોઈ કલાકારોને બોલાવીને કરેલો પહેલો પ્રોફેશનલ કાર્યક્રમ પણ ૧૯૯૮માં જ કરવામાં આવ્યો હતો. જેમાં અમે શ્યામલ-સૌમિલ અને આરતી મુનશીને બોલાવ્યાં હતાં. કાર્યક્રમનું શીર્ષક હતું **'મોસમ ગુલાબી'**. જેનું સંચાલન તુષાર શુક્લએ કર્યું હતું. સુરેશ દલાલના ઈમેજ પ્રકાશનના પણ દર વર્ષે શિવરંજનીને આંગણે કાર્યક્રમો થતા રહે છે. જેમાં કવિ-સંમેલન, પુસ્તક-મેળો, ગીત-સંગીતના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગુજરાત યુવક સેવા સાંસ્કૃતિક અકાદમી શિવરંજનીના આંગણે અમર ભટ્ટ અને અમિત ઠક્કર દ્વારા 'ગીત ગગનના' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન ઉમાશંકર જોશીની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે થયું હતું. જાણીતા વક્તા અને કવિ જવાહર બક્ષીનો 'આંતરવૈભવ' શીર્ષક હેઠળ કાર્યક્રમ યોજાયો હતો જેમાં કબીર, મીરાં, નરસિંહ મહેતાની આધ્યાત્મિક કવિતાનો આસ્વાદ કરાવવામાં આવ્યો હતો.

શિવરંજની દ્વારા બાળકલાકારોનો એક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં કીર્તન, પ્રહર, કિરાત વગેરે બાળકલાકારોએ ગુજરાતી ગીત-સંગીતને આગવી છટાથી રજૂ કર્યાં હતાં. આ કાર્યક્રમનું સંચાલન શ્યામલ મુનશીએ કર્યું હતું.

પાર્થિવ ગોહિલ દ્વારા પણ ફિલ્મનાં ગીતોને લઈને એક કાર્યક્રમ 'રાગરંગતરંગ' યોજાયો હતો જેમાં નિલીમા ગોખલે, માનસી પારેખ-ગોહિલ, નિધિ પોટા-ધોળકિયા, નિરજ પરીખ, માતંગ પરીખ અને પાર્થિવ ગોહિલે ફિલ્મી ગીતો અલગ અંદાજથી રજૂ કર્યાં હતાં. જેનું સંચાલન નેહા મહેતાએ કર્યું હતું. ભરૂચ ખાતે શિવરંજની નેજા હેઠળ અત્યાર સુધીમાં આસિત દેસાઈ, હેમા દેસાઈ, આલાપ દેસાઈ, પુરુષોત્તમ ઉપાધ્યાય-બિજલ અને વિરાજ ઉપાધ્યાય, સોલી-નિશા કાપડિયા, અમર ભટ્ટ, અનાર કઠિયાર, રાસભાઈ-વિભાબહેન, ઓસમાણ મીર, મન્સૂર વાલેરા, દીપાલી સોમૈયા, ગાર્ગી વોરા, દીપ્તિ દેસાઈ વગેરે કાર્યક્રમો આપી ચૂક્યાં છે. આ ઉપરાંત તુષાર શુક્લ, મેહુલ-સુરેન ઠાકર, મુકુલ ચોકસી, રઈશ મનિયાર, અંકિત ત્રિવેદી, મુકેશ જોષી, એષા દાદાવાલાએ કાર્યક્રમોનું સંચાલન કર્યું છે.

માતંગીબહેન કહે છે કે, એક વાત ખાસ જણાવી દઉં કે, શિવરંજની સંસ્થામાં પ્રમુખ કે કમિટી જેવું કંઈ નથી. હું અને મારા પતિ ધીમંત જ મોટાભાગનું મૅનેજમેન્ટ કરીએ છીએ. આ ઉપરાંત અમને તમામ કાર્યક્રમોમાં જમણા હાથની જેમ નેહા અંતાણી, રંજન મહેતા, હેમાંગ મહેતા, અંબરિષ ઓઝા, કાર્તિક સંજીવ વોરા, દેવાંશુ વસાવડા વગેરે પણ આ કલાપ્રવૃત્તિને આગળ વધારવા સેવાભાવે મદદ કરતાં રહે છે.

આ ઉપરાંત માતંગીબહેન અને ધીમંતભાઈ કહે છે કે, ભરૂચના ભાવકોને નવું-નવું આપવા સાથે ભાવકોની સંભાળ રાખતા નિયમો પણ અમે બનાવ્યા છે. ક્યારેય પણ અમારા કાર્યક્રમમાં ઈન્ટરવલ રાખતાં નથી. કારણ કે, તેનાથી રસભંગ થાય તેવું અમને લાગે છે. કાર્યક્રમમાં કોઈપણ શ્રોતાએ ક્યારેય કલાકારોને ગાવા માટે ફરમાઈશ નહીં કરવાની. કાર્યક્રમમાં કોઈને ચીફગેસ્ટ પણ નથી બનાવતા. કલાકારોનું સન્માન ફૂલના ગુલદસ્તાથી નહીં પણ અગરબત્તી આપી કરીએ છીએ. જેની પાછળનો હેતુ કલાની સુગંધ સદાય પ્રસરતી રહે તેવો છે. કાર્યક્રમ ચાલતો હોય એ દરમિયાન ઑડિયન્સને છેક સુધી કલાકારોનો અવાજ બરાબર પહોંચે છે કે નહીં તે માટે અમે બંને વારાફરતી રાઉન્ડ લગાવી આવી ચેક પણ કરીએ છીએ.



પુરુષોત્તમ ઉપાધ્યાય અને વિરાજ-બિજલ ઉપાધ્યાય ભાવથી ભીંજવ્યું ભરૂચને.

અને હા, અંતે ભરૂચમાં અમને રોટરી ક્લબ, જીએનએફસી, આઈપીસીએલ, રિલાયન્સ, સી.પી.એલ., જી.એમ.કેમિકલ્સ વગેરે કંપનીઓ પણ જરૂરી હોસ્પિટાલિટી પૂરી પાડે છે. જેને લીધે પણ શિવરંજનીમાં નવા-નવા અને મોટા કલાકારોને લાવવા અને કાર્યક્રમો કરવા ઘણા સરળ બન્યા છે. ભવિષ્યમાં ભરૂચના ભાવકો ઉપરાંત અંકલેશ્વરના ભાવકો સુધી વધુ ને વધુ સારા કાર્યક્રમો લઈ જવાની અમારી યોજનાઓ છે. શિવરંજનીના માધ્યમથી ગુજરાતી ગીત-સંગીત, સાહિત્ય અને સંસ્કૃતિનું રખોપું સતત લોકોને સાથે રાખીને કરતાં રહેવું છે.

અવસર આંગણાનો




# કલમથી કોમ્પ્યૂટર સુધી....ગુજરાતી કવિતા યાત્રા

કાર્યક્રમનું વિષય વૈવિધ્ય 'સ્વરસેતુ'ની વિશેષ ઓળખ છે. અમદાવાદ ખાતે વર્ષ ૨૦૧૦ માં શરૂ થયેલી આ કાવ્ય સંગીત પ્રવૃત્તિએ ૧૨ વર્ષમાં ૭૦ જુદા જુદા વિષયોને આવરી લેતા કાર્યક્રમો આપ્યા છે. સ્વાભાવિક જ આ તમામ કાર્યક્રમો માટે વિષયાનુરૂપ ગીતો અને સ્વરાંકન ઉપલબ્ધ ન જ હોય. આથી નવાં ગીતો શોધવાં, લખવાં, સ્વરબદ્ધ કરવા અને ગાયક–ગાયિકાને શીખવવાની પ્રક્રિયા પણ આવશ્યક છે. પરિણામસ્વરૂપ અંદાજે ૩૨૫ જેટલાં નવાં જ ગીતો આ નિમિત્તે જ તૈયાર થયાં, પ્રસ્તુત થયાં અને કેટલાંક લોકપ્રિય પણ બન્યાં.




'સ્વરસેતુ'ની આ કલ્પનાશીલતા, પ્રયોગશીલતા અને સર્જનાત્મકતાને ભાવકોનો આવકાર મળ્યો છે. અમદાવાદના ભાવકો હવે સ્વરસેતુની રજૂઆત માટે મોકળા મનથી આવે છે અને કેટલુંક પસંદ કરે છે, કેટલાક સંદર્ભે પોતાના સૂચન પણ રજૂ કરે છે. 'સ્વરસેતુ'ની આ કલાયાત્રાનો તાજેતરનો મુકામ છે મહાનગરી મુંબઈ. દક્ષિણ મુંબઈના કલાપ્રેમી ભાવકોએ છેલ્લા વર્ષમાં રજૂ થયેલા કાર્યક્રમોને તેજપાલ સભાગૃહ ખાતે માણ્યા છે, મુંબઈના ભાવકોની અપેક્ષાને સંતોષવામાં લાલુભાઈ (અશોક મહેતા)નું દિશાસૂચન પણ ઉપયોગી સાબિત થતું રહ્યું છે. લાલુભાઈનો નાટ્યપ્રેમ મુંબઈના કલાજગતથી અજાણ્યો નથી. શ્રીનાથજીનાં ચિત્રો અને પદગાનથી સુખ્યાત કલાકાર રૂપા મહેતા 'બાવરી'ના જીવનસાથી લાલુભાઈની રંગમંચસજ્જાની સમજ 'સ્વરસેતુ'ની

'સ્વરસેતુ'દ્વારા તેજપાલ સભાગૃહમાં કાર્યક્રમો યોજી દક્ષિણ મુંબઈનાં સંગીતપ્રેમીઓનાં દિલ જીતી લીધાં છે. મુંબઈગરાના આવકારથી પ્રોત્સાહિત થઈને 'સ્વરસેતુ'એ પાર્લાના ભાઈદાસ સભાગૃહમાં પણ કાર્યક્રમની શરૂઆત કરી. પરાવિસ્તારનાં ચાહકોની કલાપ્રિતીને સંતોષવાની નેમ રાખી છે.



રજૂઆતનો વિશેષ શણગાર બની છે. મુંબઈના ભાવકોએ આપેલા આવકાર અને આમંત્રણથી પ્રોત્સાહિત થઈને 'સ્વરસેતુ'એ મુંબઈના સુવિખ્યાત ભાઈદાસ સભાગૃહ-પાર્લામાં કાર્યક્રમની રજૂઆતની શુભ શરૂઆત કરી, પરા વિસ્તારના ચાહકોની કલાપ્રીતિને સંતોષવાની નેમ રાખી છે.

'સ્વરસેતુ'ની આ વખતની રજૂઆત હતી 'કલમ થી કોમ્પ્યૂટર સુધી'! ગુજરાતી કાવ્ય-સાહિત્યના વિવિધ સમયખંડને આવરી લેતી રચનાઓની રજૂઆતની શરૂઆત આદ્યકવિ નરસિંહ મહેતાની રચનાથી થઈ. નરસિંહ મહેતાના પરંપરાગત ઝૂલણા છંદમાં પ્રભાતિયા 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' રચનાની પ્રયોગશીલ રજૂઆતનો સુમેળ ભાવકોને પ્રસન્ન કરી ગયો.

કાર્યક્રમની પ્રસ્તુતિમાં રસવૈવિધ્ય સાચવવાનો પ્રયાસ રહ્યો. પરિણામે સાહિત્યના ઇતિહાસના ક્રમબદ્ધ આલેખનને સ્થાને વિવિધ સમયખંડના કવિઓની રચનાઓનું ઝૂમખું બનાવી પ્રાચીન-અર્વાચીન-અતિ આધુનિક કવિઓની રચનાઓની પ્રસ્તુતિ થઈ.



સૌમિલ મુનશીએ 'મારી આંખે કંકુના સૂરજ...' અને શ્યામલ મુનશીએ સ્વરરચિત રચના 'સૌની પાસે સૌની પ્યાલી...'રજૂ કરી ભાવકોની દાદ મેળવી હતી.



'કૂંચી આપો બાઈજી...': હિમાલી વ્યાસ નાયક

બંને કાર્યક્રમમાં થઈને હિમાલી વ્યાસ-નાયક, હરિતા દેસાઈ, શ્યામલ અને સૌમિલ મુનશીએ વિવિધ ગીત-ગઝલ રજૂ કર્યાં. કાન્હાને માંગ્યો દે (મીરાં), કસુંબીનો રંગ (મેઘાણી), ભોમિયા વિના (ઉમાશંકર જોશી), ઝાંઝર અલક મલકથી આવ્યું રે (સુંદરમ્), રાધાનું નામ (સુરેશ દલાલ), ના ના નહિ આવું (હરીન્દ્ર દવે), પિયુ મારો લીલો લજામણીનો છોડ (ભાસ્કર વોરા), ખોબો ભરીને અમે એટલું હસ્યા (જગદીશ જોશી), મારી આંખે કંકુના સૂરજ (રાવજી પટેલ), મારી કોઈ ડાળખીમાં (અનિલ જોશી)ની રજૂઆતને ભાવકોએ મનભરીને માણી. તો કૂંચી આપો બાઈજી (વિનોદ જોશી), આંખોમાં બેઠેલા ચાતક કહે છે (તુષાર શુક્લ), વાંસલડી ડૉટ કૉમ (કૃષ્ણ દવે), ન પેપ્સી ન થમ્સઅપ (રઈશ મનિઆર), આ માણસ બરાબર નથી (હિતેન આનંદપરા) દ્વારા આધુનિક કવિતાનું રસભર પ્રતિનિધિત્વ થયું.

તેજપાલ સભાગૃહમાં શ્યામલ મુનશીએ સ્વરચિત 'સૌની પાસે સૌની પ્યાલી' અને ભાઈદાસ સભાગૃહમાં 'સુખનું સરનામું' રજૂ કરી શ્રોતાઓને ડોલાવ્યા, તો હિમાલી વ્યાસ-નાયકના કંઠે 'કૂંચી આપો બાઈજી'એ પ્રભાવક વાતાવરણ રચ્યું. હરિતા દેસાઈએ 'ઝાંઝર અલક મલકથી આવ્યુ' ની રજૂઆત દ્વારા વીતેલાં વર્ષોના સ્વરકાર સ્વ. રસિકલાલ ભોજકની સ્મૃતિ તાજી કરી દીધી. સૌમિલ મુનશીએ કવિ રાવજી પટેલની ચિરંજીવ રચના 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા'ની અસરકારક પ્રસ્તુતિ દ્વારા સ્વરકાર અજિત શેઠના યોગદાનની વંદના કરી.



'ઝાંઝર અલકમલકથી આવ્યું...': હરિતા દેસાઈ

# અવસર આંગણાનો

કાર્યક્રમમાં ક્ષેમુ દીવેટીઆ, અજિત મર્ચન્ટ, રસિકલાલ ભોજક, દિલીપ ધોળકિયા, અજિત શેઠ, ગૌરાંગ વ્યાસ ઉપરાંત નયનેશ જાની અને અમર ભટ્ટના સ્વરાંકનોનો સમાવેશ કરીને 'સ્વરસેતુ'ના સંચાલક ભાઈઓએ ઉત્તમને આવકારના પોતાના ધ્યેયનો પુનઃ પરિચય આપ્યો. અન્યના સ્વરાંકનોની અધિકૃત રજૂઆત દ્વારા જે તે સ્વરકારની વંદનાનો સ્નેહાદર ભાવ એમની વિશેષતા રહી છે.



લોકોને જે યાદ રાખવું ગમ્યુ છે એ જ સચવાયું છે ને એ જ સચવાશે. - તુષાર શુક્લ

કાર્યક્રમનું સંકલન સંભાળતા કવિ તુષાર શુક્લએ મર્યાદિત સમયમાં ગુજરાતી કાવ્ય–સાહિત્યના વિહંગાવલોકનને રસપ્રદ બનાવ્યું. કંઠોપકંઠ વહેતી આવેલી કવિતા, કલમથી આલેખાયેલી કવિતા અને કોમ્પ્યૂટરના પ્રિન્ટઆઉટ રૂપે પ્રાપ્ય કવિતાનાં વિવિધ યુગની આ યાત્રામાં મહત્ત્વ કવિતાનું છે એમ કહેતાં તેમણે જણાવ્યું છે કે, સાહિત્ય એ લેખનકળાનું ઓશિયાળું નથી. પ્રજાને જે યાદ રાખવું ગમ્યું છે એ જ સચવાયું છે ને એ જ સચવાશે. ઉત્તમ કવિતાનું લક્ષણ જ એ છે કે એ કોઈની પણ આપણને આપણી લાગે છે. પોતાની કલાના ક્ષેત્રમાં ભલામણ–ચિઠ્ઠી ચાલતી નથી. અહીં ભાવકની સજ્જતા અને કલાકારની સાધનાનાં પારખાં થાય છે. પળભરના ચમકારા તત્ક્ષણ આંજી જાય ખરા, પણ સાતત્યપૂર્ણ પ્રજ્વલિત ઘીના દીવાના ઓજસ આગળ એ ટકતા નથી.

કાર્યક્રમનું સમાપન ભાવકોની અપેક્ષાના પ્રતિભાવ રૂપે ગુજરાતી સંગીતની ત્રણ ચિરંજીવ રચનાઓના ગાન સાથે થયું. કવિ વેણીભાઈ પુરોહિત (તારી આંખનો અફીણી) અને કવિ રમેશ પારેખ (સાંવરિયો) અવિનાશ વ્યાસ (હુતુતુતુ...) વગર ગુજરાતી ગીત–સંગીતની સફર પૂરી થાય ખરી?


'સ્વરસેતુ'ના સૂર પર તેજપાલમાં તાળીઓનો ગડગડાટ

# ભાઈદાસમાં ખડું થયું ભાવજગત, તેજપાલમાં તાળીઓનો વરસાદ




લાલુભાઈ (અશોક મહેતા)ની રંગમંચસજ્જાની સમજ 'સ્વરસેતુ'ની રજૂઆતની વિશેષ શણગાર બની છે.



જુહૂ વિલેપાર્લે કેળવણી મંડળના પ્રમુખ અંબરિષ પટેલને 'વારસો' ભેટ આપી આવકારતા શ્યામલ-સૌમિલ મુનશી.



તેજપાલ અને ભાઈદાસ સભાગૃહમાં મુનશી બંધુઓએ મહેફિલનો માહોલ જમાવી મુંબઈગરાને ભાવથી ભીંજવ્યા હતા.



પાર્લાના ભાઈદાસ સભાગૃહમાં 'સ્વરસેતુ'ના પ્રથમ કાર્યક્રમમાં ભાવકોનો મળેલો ભવ્ય પ્રતિસાદ.



દક્ષિણ મુંબઈના તેજપાલ સભાગૃહમાં 'સ્વરસેતુ'ને શ્રોતાઓનો હંમેશ જેવો મળેલો મીઠો આવકાર.

PMC PROJECTS
(INDIA) PRIVATE LIMITED
from vision to reality...

## Our Value Chain:

Planning ⇨ Engineering ⇨ Estimation ⇨ Commercial ⇨ Construction ⇨ Project Management ⇨ Commissioning

## Some of Realized Vision:


















**PMC Projects (I) Pvt Ltd,**
**Infrastructure House,**
**Shrimali Society,**
**Beside Shikhar Complex,**
**Nr. Mithakali Six Road,**
**Navrangpura,**
**Ahmedabad - 380 009.**

**Tel : +91-79-2555 5801**
**www.pmcprojects.com**

# એકલિંગજીનાં મંદિરમાં રાગ મેઘની સૂરાવલી



ડૉ. મોનીકા શાહ



આરાધ્યદેવની આરાધના કરવી હોય તો કોઇ ઉદેપુરના મહારાજા કુંભાના વંશજ મહારાજ અરવિંદસિંહજી મેવાડ પાસેથી શીખે! ઉદયપુર પાસે આવેલુ એકલિંગજી મંદિર ખૂબ જાણીતું, લોકપ્રિય અને વળી પાવનકારી છે! જે મહારાજાના આરાધ્યદેવ છે. દર ગુરુપૂર્ણિમાના દિવસે ૨૪ કલાક સમગ્ર દેશમાંથી ઉચ્ચ કોટિના શાસ્ત્રીય કલાકારોને આદરપૂર્વક બોલાવી દરેક કલાકારના ત્રણ-ત્રણ કલાકના કાર્યક્રમો એકલિંગજી દેવને અર્પણ કરવામાં આવે છે. મહારાજ સ્વયંમ્ અને તેમના કુંવરજી વારાફરતી મંદિરમાં થતા કાર્યક્રમને માણે છે અને શિવજીની ઉપાસના કરે છે!

૨૪ કલાક ઊભા રહેવાનું! હા તે જ તેમની સાચી શ્રદ્ધા! આરાધના! પૂજા! ત્યાંનાં આંગણમાં બીજાં નાનાં નાનાં મંદિરમાં અન્ય શહેરના રાજવી ઘરાનાના રાજામહારાજા કાર્યક્રમને માણે છે! અરે! સમગ્ર એકલિંગજી ગામમાં સ્પીકરો મૂકવામાં આવે છે અને આ શિવ-આરાધના બધા ગામવાસીઓ પણ માણે છે!

મને પણ અહીં સહભાગી થવાનો મોકો મળ્યો હતો. અને મેં રાગ-મેઘ છેડ્યો હતો અને જાણે ઈશ્વરની કૃપા વરસી! મેઘદેવ વરસ્યા! ઈષ્ટદેવતાની પ્રસન્નતા અને મેઘની વર્ષા અને મેઘ રાગનો ત્રિવેણી સંગમ આજે પણ મારા માનસપટ પર છવાતાં હું રોમાંચિત થઈ જાઉં છું! તો માણીએ મેઘની બંદિશ.

રાગ-મેઘ

કોમળ તીવ્ર - બંને નિષાદ તથા અન્ય સ્વર શુદ્ધ છે

વર્જિત - ગંધાર, ધૈવત

જાતિ - ઓડવ-ઓડવ

વાદી - મધ્યમ (મ)

સંવાદી - ષડ્જ (સા)

પ્રકૃતિ રસ - અતિગંભીર-શાંત

ગાન સમય - વર્ષાઋતુ

થાટ- કાફી

વિશેષ : આ રાગમાં બધા સા રંગના સ્વરો લઈને તેનો વિસ્તાર મલ્હારની જેમ કરવામાં આવે છે. મલ્હાર રાગના 'મ રે પ' આ સ્વરવિન્યાસ મેઘમલ્હારમાં બહુ જ લેવામાં આવે છે. રિષભ પર આંદોલન કરતી વખતે કણસ્વરના રૂપમાં મધ્યમ લેવાય છે અને વારંવાર આંદોલિત રિષભ મરે મરે લેવાથી મેઘ મલ્હારનું સ્વરૂપ સારંગથી અલગ પડે છે. આ રાગમાં મલ્હારની જેમ બંને નિષાદ લઈને ષડ્જ પર જવાય છે તથા કોમળ નિષાદ લઈને ષડ્જ પર જવાય છે. જેમ કે, સાં <u>નિ</u> <u>નિ</u> સાં. કેટલાક ગાયકો આ રાગ ફક્ત કોમળ નિષાદ લઈને ગાય છે.

| છોટા ખ્યાલ | સ્થાયી | અંતરા |
|---|---|---|
| (તાલ – આડાચૌતાલ) | બરસે મેહા ઘનન ઘનન<br>પવન ચલત એસો સનન સનન। | પાયલ બાજે ઝનન ઝનન<br>કૈસે જાઉં મેં પિયા કે ભવન।। |

### સ્થાયી

| X | | ૨ | | ૦ | | ૩ | | ૦ | | ૪ | | ૦ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [મ]રે | [મ]રે | [મ]રે | - | રે | મ | રે | સા | સારે | રેસા | નીસા | સાની | પની | નીપ |
| બ | ર | સે | - | મે | - | હા | - | ઘ- | ન- | ન- | ઘ- | ન- | ન- |
| - | રેમ | રે | પ | પ | નીની | મ | પ | નીસાં | સાંની | પની | નીપ | રે | સા |
| - | પવ | ન | ચ | લ | ત- | એ | સો | સ- | ન- | ન- | સ- | ન | ન |

### અંતરા

| X | | ૨ | | ૦ | | ૩ | | ૦ | | ૪ | | ૦ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [પ]મ | મ | પ | પ | સાં | - | સાં | - | સાંરેં | રેંસાં | નીસાં | સાંની | પની | નીપ |
| પા | - | ચ | લ | બા | - | જે | - | ઝ- | ન- | ન- | ઝ- | ન- | ન- |
| મપ | નીસાં | રેમં | રેંસાં | સાંરે | રેંસાં | નીસાં | સાંની | નીસાં | સાંની | પની | પમ | રે | સા |
| કૈ- | -- | સે- | -- | જા- | -- | ઉ- | મે- | પિ- | યા- | કે- | ભ- | વ | ન |

drmonicashah@yahoo.com

# દેશી મીઠાઈમાં તો મારી માસ્ટરી : મિહિર ભુતા



નંદિની ત્રિવેદી

તખ્તાના જાણીતા નાટ્યલેખક મિહિર ભુતાએ ૧૫થી વધુ નાટકો આપ્યાં છે જેમાં 'ચાણક્ય'ને ગુજરાત સરકાર તરફથી દાયકાના શ્રેષ્ઠ નાટકનો ઍવોર્ડ મળ્યો છે. એમની સર્જનાત્મકતા નાટક ઉપરાંત, સિરિયલ્સ અને હિન્દી ફિલ્મો સુધી તો વિસ્તરી જ છે પણ ચિત્રકારી અને શિલ્પસ્થાપત્યમાંય એમની કલા નીખરી ઊઠે છે. મિહિર ભુતાએ લખેલા 'અફલાતૂન' નાટક પરથી 'ગોલમાલ' ફિલ્મ બની હતી અને હિટ ફિલ્મ 'ભૂલભૂલૈયા'ના સંવાદો પણ મિહિરભાઈએ લખ્યા છે. આવી બહુમુખી પ્રતિભા ધરાવતા મિહિર ભુતા એમની સર્જનપ્રક્રિયા અને જીવનના જુદા જુદા રંગના શેડ્સ વાચકો સમક્ષ આકારે છે. લેટ્સ વૉચ!



**મુખ્ય શોખ :** પેઈન્ટિંગ, સ્કલ્પ્ટરિંગ, વૂડ કાર્વિંગ અને કલે મોલ્ડિંગ. લેખન ન કરતો હોઉં ત્યારે ચિત્રો દોરું. સ્કેચિઝ મને ખૂબ ગમે છે. ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીનો મેં દોરેલો સ્કેચ એમને ખૂબ ગમ્યો હતો. એબ્સ્ટ્રેક્ટ અને પોસ્ટ મૉડર્નિસ્ટ પેઈન્ટિંગ્ઝ કરવાં બહુ ગમે છે.

**પ્રિય લેખકો :** હિન્દી ભાષામાં રાહુલ સાન્કૃત્યાયન, ગુજરાતીમાં ક.મા. મુનશી અને અંગ્રેજીમાં ઈરવિંગ વૉલેસની વાર્તાકથનની સ્ટાઈલ હંમેશાં આકર્ષે છે. ઈતિહાસ અને ભાષાલાલિત્યનું સંયોજન હોય એવી કૃતિ ગમે.

**પ્રિય કવિ :** કવિતા બહુ ગમતી નથી. અંગ્રેજી કવિતાને તો અડક્યો જ નથી. હા, ગુજરાતીમાં રમેશ પારેખની કવિતાઓ ગમે છે. એમના પહેલાં અને પછી યાદ રાખવા જેવું કોઈ ગમ્યું હોય એવું બન્યું નથી. જો કે, વિનોદ જોષી અને અમદાવાદના યુવા કવિ ચંદ્રેશ મકવાણાની કવિતાઓ સારી લાગી છે.

**પ્રિય સાહિત્યિક કૃતિ :** રાહુલની જ 'વોલ્ગા સે ગંગા', જોસેફ મેકવાનની 'આંગળિયાત' અને મુનશીની 'જય સોમનાથ' સૌથી પ્રિય. રીચર્ડ બૅકની 'ઈલ્યુઝન' પણ બહુ ગમી હતી.

**પ્રિય સંગીત અને સંગીતકાર :** સંગીત મને સમજાતું જ નથી. ગીતના શબ્દો સારા હોય તો કમ્પોઝિશન ગમે. મારી કારમાં ડૅક પણ રાખતો નથી.

**મનપસંદ ફિલ્મો :** કહેવું મુશ્કેલ. ઘણી ફિલ્મો ખૂબ ગમી છે. બ્રિયાન ડિ પાલ્માની 'અનટચેબલ', રેઈઝિંગ કેઈન અને સિસ્ટર્સ અમેઝિંગ ફિલ્મો છે. સ્ટાઈલાઈઝેશનની શરૂઆત જ કદાચ એમણે કરી હશે. જાપાનીઝ ડિરેક્ટર અકીરા કુરોસાવાની 'રોશોમન' બહુ ગમી હતી. આ બંને ગ્રેટ ફિલ્મ મેકર્સ. બાકી, હિન્દીમાં સંજય લીલા ભણસાલીની ફિલ્મો 'હમ દિલ દે ચૂકે સનમ' અને 'બ્લેક' સરસ હતી. અમિતાભ બચ્ચનના સુવર્ણકાળ દરમિયાન બનેલી ફિલ્મોમાં કંઈ દમ નહોતો. એમના નામ ઉપર જ ફિલ્મો ચાલતી અને ફિલ્મમેકર્સ કંઈ કામ કરતા જ નહીં. અત્યારે સારો તબક્કો ચાલે છે. ફિલ્મમેકર્સ વિષયવૈવિધ્યવાળી ફિલ્મો બનાવે છે.

**પ્રિય પ્રવાસસ્થળ :** બહુ શોખ નથી. પણ બે સ્થળોએ મને અવારનવાર જવાની ઈચ્છા થાય અથવા જવાનો સંયોગ ઊભો થાય. ગાંધીનગર અને ગોવા!

**તમારે માટે સૌથી મૂલ્યવાન શું?**
સ્વતંત્રતા. આમ તો એ કંઈ આપવાની હોતી નથી. માન્ય કરવાની હોય છે. કોઈ માન્ય ન કરે તો સંઘર્ષ થાય.

**વીકએન્ડ કઈ રીતે વિતાવવો ગમે?** હાથમાં સરસ મજાનું ડ્રિન્ક હોય અને એકાદું પુસ્તક અથવા ટેલિવિઝન પર કોઈક સરસ ફિલ્મનો સાથ હોય એ બેસ્ટ વીકએન્ડ.

**મનગમતી સાંજ એટલે શું?** જે દિવસે મારી પત્ની સાથે ઝઘડો ન થયો હોય અને દિવસના અંતે અમે નિરાંતે વાતો કરતાં હોઈએ એ મનગમતી સાંજ! કારણ કે અમે બંને મોટાભાગે સાથે જ કામ કરતાં હોવાથી થોડું તુ તુ મૈં મૈં તો ચાલવાનું જ ને!

**પ્રેમ એટલે શું?** સ્વતંત્રતા. આમ તો પ્રેમ એટલે ઘણું બધું, પણ બન્ને પક્ષે સ્વતંત્રતા હોય એ સાચો પ્રેમ, બાકી બધો વ્યવહાર.

**જીવનસંગિની કેવી ગમે?** કૉલેજમાં હતો ત્યારે જે પહેલી છોકરી મળી એની સાથે જ પરણી ગયો એટલે ૨૬ વર્ષથી હું અને માધવી સાથે જ છીએ. જીવનસંગિની કેવી હોવી જોઈએ એની વ્યાખ્યા મારી પત્નીએ જ ઘડી છે. એટલે એનાથી વધુ સારી કે જુદી કોઈ હોઈ શકે એ કલ્પી નથી શકતો. પણ, સમય હંમેશાં કોઈ ને કોઈ સમસ્યા ઊભી કરતો હોય છે ને એ સમસ્યાનો સ્વસ્થતાપૂર્વક સામનો કરવાની તાકાત જેનામાં હોય એવી જીવનસંગિની ગમે, જે સદ્ભાગ્યે મને મળી છે. હા, સ્વસ્થતા એ ક્યારેક ગુમાવી દે હોં!

**કશાનો ભય લાગે?** કૂતરાનો. એનાથી હું દસ ગાઉ દૂર જાઉં.

**તમારે માટે સ્ટ્રેસ બસ્ટર?** કૂકિંગ. મને રસોઈનો બહુ શોખ છે. આપણી દેશી મીઠાઈ તો બહુ સરસ બનાવતા આવડે. ચીકી, શીરો, ગોળપાપડી....! મારો દીકરો પણ ફરમાઈશ કરે કે ડૅડી આ મીઠાઈ બનાવી દો!

**પ્રિય વાનગી?** મને ખાવાનો જબરજસ્ત શોખ છે. ઊંધિયું, ચૂરમાના લાડુ, પૂરણપોળી, દૂધજલેબી, પાસ્તા, પિઝા, રિસોટો, મેક્સિકન ફૂડ બધું જ ભાવે, સિવાય કે ચાઈનિઝ અને થાઈફૂડ!

**લોકો તમને કઈ રીતે યાદ રાખે તે ગમે?** સારા લેખક, દિગ્દર્શક, શિલ્પકાર, કલાકાર અને ખાસ તો એક ઉમદા વિચારક તરીકે!

**તમે થિયેટર, સિરિયલ અને ફિલ્મ એમ ત્રણેય માધ્યમમાં કામ કર્યું છે. કયું સૌથી વિશેષ પ્રિય છે?** થિયેટર. લેખક તરીકે એમાં ખૂબ સ્કોપ હોય છે. સિરિયલ નથી ગમતી.

**પુનર્જન્મ જેવું કંઈ હોય તો શું બનવાનું પસંદ કરો?** ગાંધીજી. પણ એમણે જે ભૂલો કરી હતી એ ભૂલો વિનાના ગાંધીજી. જોકે એ માટે એ વખતની ભારતની સ્થિતિ હતી એવી ઊભી થાય તો જ ગાંધીજીનું મહત્ત્વ રહે. એટલે પુનર્જન્મમાં એવી સ્થિતિ પણ હોવી જરૂરી છે. (હસીને સમાપન કરે છે)



ચિનુ મોદી

# રસ્તાનો રસ્તો

**લાખ ભલેને હોય કુટેવો**
**માણસ તોયે મળવા જેવો**

—મકરંદ મુસળે


નાના છંદમાપમાં ગઝલ લખવી ઘણી અઘરી છે; પણ, મકરંદ મુસળેની એક 'કુટેવ' એ છે કે આવા નાના છંદમાપની ગઝલો જ ઘણું ખરું લખે છે. જોકે એવું નથી કે એને મોટા છંદમાપની ગઝલો નથી આવડતી. આ જુઓને—

**એક ક્ષણમાં જોઈ-ખોઈ ક્યાં ગઈ એ છોકરી?**
**આંખ શોધે રોઈ-રોઈ ક્યાં ગઈ એ છોકરી?**

આ ઉદાહરણ એટલા માટે લીધું કારણ મકરંદને નવી નવી રદીફ વાપરવાની પણ 'કુ—ટેવ' છે. 'ક્યાં ગઈ એ છોકરી?' રદીફ સાવ નવી નક્કોર છે. ષોડશી જેવી આવડી મોડી રદીફ રાખીને જ ગઝલો લખે એવું પણ કંઈ નહીં, એ એક શબ્દની— એક અક્ષરની પણ રદીફ રાખે હોં—'હો' રદીફવાળી ગઝલનો મત્લઅ પણ જુઓ:

**ચપટી સુખ ને દુઃખ ખોબે હો,**
**હોઠ હસે ત્યાં આંખ રોવે હો,**

મત્લઅ એ કોઈ પણ ગઝલકારની કસોટી હોય છે. એટલે કેટલાક ડરપોક શાયરો તો 'બિન મત્લઅ' જ ગઝલ લખવાનું વધારે પસંદ કરે છે. પણ મકરંદની એ પણ 'કુટેવ' કે એ ડર્યા વગર બિનકૃતક મત્લઅ કરે.





મત્લઅમાં ગઝલકાર ત્રણ પ્રતિજ્ઞા લે છે:
એકઃ એ કયો છંદ આ ગઝલમાં વાપરશે.
બેઃ આ ગઝલમાં રદીફ કઈ રાખશે.
ત્રણઃ આ ગઝલમાં ચુસ્ત કે આઝાદ કેવા કાફિયા રાખશે. અર્થાત ખોબે/રોવે જેવા આઝાદ કાફિયા કે ખોઈ/રોઈ જેવા ચુસ્ત કાફિયા?

મત્લઅની બંને પંક્તિમાં રદીફ હોય છે. બદલાઈને ધ્વનિમેળ પ્રાસ—કાફિયા આવે છે. આથી મત્લઅ કૃતક—બનાવટી લાગે— એટલે કે શિસ્ત સાચવવા મત્લઅ કર્યો હોય એવું લાગે. પણ, મકરંદની આ પણ ભારે 'કુટેવ'— એ સહજ રીતે મત્લઅમાં રદીફ—કાફિયા છીંક આવે એટલી શિસ્ત સાથે સાચવે અને છતાં કાવ્ય સિદ્ધ કરે. દા.ત. એનો એક હમરદીફ હમકાફિયાનો મત્લઅ જોઈએ:

**ધરતી, ગગન કે દરિયો શું શું ઉકેલવાનું?**
**ઈશ્વરની ચોપડી છે, ખુલ્લું છે પાને-પાનું.**

અહીં, ક્યાંયે શિસ્ત ખાતર મત્લઅ કર્યો હોય એવું લાગે છે?




**કરો બંધ મુઠ્ઠી તો મૂંઝાય રેતી,**
**પછી હાથમાંથી સરી જાય રેતી.**

સમયની રેત સંકેત સાથેનો આ મત્લઅ ચુસ્ત કાફિયાનું ઉદાહરણ છે. મત્લઅની જેમ અન્ય શેરમાં અને ગુજરેજી શબ્દો વાપરવાની પણ કુટેવ ખરી. જોકે એ ઇંગરેજી બોલતા ગુજરાતીઓની હાંસી એ દ્વારા કરે છે:

**હાય, હેલો, બાય, સીન્યુ, શ્યોર, ચા-ચા**
**તુંય ગુજરાતી થઈ આવું કહે છે?**

મકરંદના કેટલાક શેર દિલચસ્પ છે.

**રોજ શણગાર સજું શા માટે?**
**સ્વપ્ન ક્યાં રોજ હવે આવે છે?**

**હું તો કહું છું થીંગડું મારી જુઓ**
**આભ છે હૈયું નથી સંધાય પણ**

**કોઈ તો રસ્તો હશે, નક્કી હશે**
**ભીંતને ઠોકી તપાસી જોઈએ**

**આંખ અષાઢી મેઘ બની ગઈ**
**દીકરીના કાગળને જોઈ**

આવા ઘણા શેર મકરંદના હું ટાંકી શકું છું. હા, ઘણુંખરું મકરંદને મક્તઅ કહેવામાં રસ નથી. સેલ્સનો ધંધો છે એટલે એને બીજાને કન્વિન્સ કરવા માટે કોન્વેર્સેશન ગમે છે, નિજ સાથે વાત કરવાનું એ ભાગ્યે જ તાકે છે. આમ છતાં ક્યારેક, ક્વચિત્ મક્તઅ કરીને આપણને ચોંકાવવાની પણ એને 'કુટેવ' ખરીઃ

**ભડ ભડ કશું બળે તો, મકરંદ માની લેજે**
**તણખો નિમિત્ત સાચું, પણ કામ છે હવાનું**

આવી સરસ મક્તઅ લખનારની મક્તઅ ન લખવાની કુટેવને આપણે વખોડવી જ જોઈએ ને!

એની એક ગઝલ મારા પિષ્ટપેષણ વગર મૂકું છું.

**બારીમાં ચાંદ ચીતરાવું છું,**
**એક ઈચ્છાને હું પટાવું છું.**

**જેમ મ્હેંદી મુકાય હાથોમાં,**
**હું મને એ રીતે મુકાવું છું,**

**ગર્ભમાં જીવ જાણે આવે છે,**
**હું તો માટીમાં માટી વાવું છું.**

**એક દીવો જ્યાં ઓટલે બેઠો,**
**ત્યાં હવા બોલી, હું ય આવું છું.**

**એક દીવાસળી લઈ ખિસ્સે,**
**ગાઢ જંગલને હું ડરાવું છું.**

મકરંદ ક્યારેક કોકનું અનુકરણ કરે ત્યારે પકડાઈ પણ જાય છે,

**સોળમા વરસે બચુની બેબલી**
**બસ ઈશારામાં સમજતી હોય છે.**

અદમ ટંકારવી ચેપી છે મકરંદ...

મકરંદની કેટલીક ગઝલોમાં એકથી વધારે વાર સરખા અક્ષરનું કાફિયામાં આવવું ખૂંચે છે. દા.ત. બદલતી/છલકતી એ કાફિયાવાળી ગઝલમાં મહેકતી/ભડકતી કાફિયામાં 'ક' રીપીટ થાય છે. ક્યારેક એની ગઝલોમાં ભરતીના શેર પણ હોય છે. 'પાણીમાં' છઠ્ઠો શેર ભરતીનો શેર છે, આવું આવું ઝીણુંઝીણું જોવાની મારી 'કુટેવ' તું જાણે જ છે, મકરંદ.

પણ તારા ઘણી વાટ જોવડાવ્યા પછીના પ્રથમ ગઝલ સંગ્રહને, દીકરો પરણાવ્યે બાર-પંદર વરસ થયાં હોય અને ત્યાં સત્તરમે વરસે પારણું બંધાય ને બાપને હાશકારો થાય કે હાશ! મારો વંશ ચાલુ રહેશે- એવો હાશકારો હું આ ક્ષણે અનુભવું છું.

**સાભારઃ પુસ્તકમાંથી 'માણસ તો ય મળવા જેવો'**
**પ્રકાશનઃ બુકપબ ઈનોવેશન્સ**
**કિંમતઃ ₹ ૧૫૦**

> **આપણા અનુઆધુનિક ગઝલકારોમાં મકરંદ મુસળે અવશ્ય મળવા જેવો માણસ છે- એના સૌમ્ય સ્વભાવને કારણે. વારંવાર મળવાનું મન થાય એવી એની સૌજન્યપૂર્ણ વર્તણૂંક છે. તેથી જ જિગર મુરાદાબાદી જેવા ઉર્દૂ કવિએ તો ઘરાર કહ્યું કે એક સારો કવિ સારો માણસ પણ હોવો જોઈએ.**
>
> - ડૉ. રશીદ મીર

## વડોદરાના યુવા કવિ મકરંદ મુસળેનાં ગઝલ સંગ્રહનું લોકાર્પણ


વડોદરાના કવિ મકરંદ મુસળેનો ગઝલસંગ્રહ 'માણસ તો યે મળવા જેવો' નું એમ.એસ. યુનિવર્સિટીના બીબીએ ઓડીટોરીયમ ખાતે તારીખ ર જૂનના રોજ લોકાર્પણ કાર્યક્રમ યોજાઈગયો.


'ગાથા' સંસ્થાના ઉપક્રમે કરવામાં આવેલ મકરંદ મુસળેના ગઝલસંગ્રહનું લોકાર્પણ રાજ્ય સરકારના સચિવ અને કવિ ભાગ્યેશ જહાના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. રશીદ મીર દ્વારા પ્રાસંગિક વક્તવ્ય દરમિયાન ગુજરાતી ગઝલના હિન્દી-ઉર્દૂની ગઝલ વિશે હકારાત્મક વાત કરી હતી. પોતાનાં ગઝલસંગ્રહ વિશે જણાવતાં મકરંદ મુસળેએ કહ્યું કે 'મારા જીવનમાં બનેલા પ્રસંગો અંતર્ગત મારી ભીતરની ઉપજેલી લાગણીઓને મેં ગઝલ રૂપે કંડારી છે'.


જ્યારે કવિ ભાગ્યેશ જહાએ પોતાના વક્તવ્ય દરમિયાન વડોદરાના કવિઓનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, 'સરકારે મને આઇએએસનું આઈડેન્ટિટી કાર્ડ આપ્યું છે. પંરતુ વડોદરાએ મને આઈડેન્ટિટી આપી છે' જેને શ્રોતાઓએ આનંદથી વધાવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત આમંત્રિત કવિઓમાં ડૉ. રશીદ મીર, વિવેક કાણે, ભાવેશ ભટ્ટ, ગૌરાંગ ઠાકર અને એષા દાદાવાળાએ પોતાની રચનાઓનું પઠન કર્યું હતું.

વડોદરાની ગઝલ સભા, શબ્દસેતુ, ગ્રંથ-ગોષ્ઠિ, એક કવિઃ એક સાંજ, મરાઠી વાઙ્મય પરિષદ જેવી સાહિત્ય સંસ્થાઓએ યુવાન કવિ મકરંદ મુસળેને અભિનંદન પાઠવ્યાં હતા.

# સાહિત્યકાર રોહિત શાહનો રોહિત શાહે લીધેલો ઇન્ટરવ્યૂ




સાહિત્યકાર રોહિત શાહનો એક ઇન્ટરવ્યૂ આજે અહીં પ્રસ્તુત કરીએ છીએ. આ ઇન્ટરવ્યૂની વિશેષતા એ છે કે એમણે પોતે જ આ ઇન્ટરવ્યૂ લીધો છે. એટલે કે એમણે પોતે જ પોતાને પ્રશ્નો પૂછ્યા છે અને એ પ્રશ્નોના એમને આવડ્યા એવા જવાબો એમણે આપ્યા છે. આમ જુઓ તો પુસ્તક પરિચય અથવા ગ્રંથાવલોકન માટેનું આ લખાણ ઇન્ટરવ્યૂ–સ્વરૂપે અહીં પ્રગટ કરીએ છીએ. એ આ ઇન્ટરવ્યૂની બીજી વિશેષતા કહી શકાય.

**મિ.રોહિત શાહ, તમે માત્ર લખો છો જ છો કે પછી વાંચો પણ છો? આઈ મીન, તમને વાંચનનો શોખ ખરો?**

આજકાલ મારી લેખનપ્રવૃત્તિ એવી ધસમસતી ચાલી રહી છે કે વાંચવાનો સમય ખૂબ ઓછો મળે છે. અલબત્ત, તાજેતરમાં જ મારાં દસ નવાં પુસ્તકો એકસામટાં પ્રગટ થયાં છે. એનાં પ્રૂફરીડિંગ માટે મારે એ દસેય પુસ્તકો વાંચવા પડ્યાં હતાં.

**વાઉ...! એકસામટાં દસ પુસ્તકો!? તો પછી તમારાં કુલ કેટલાં પુસ્તકો અત્યાર સુધીમાં પ્રગટ થયાં છે?**

એક સોથી વધુ...

**એમાંથી તમારું ફેવરિટ પુસ્તક કયું?**

મારાં તમામ પુસ્તકો મારાં ફેવરિટ છે એવું કહેવાનો દંભ મારે નથી કરવો. મારું નવું પુસ્તક 'આ અબ લૌટ ચલે...' મને વિશેષ ગમે છે. એવું કારણ એટલું જ છે કે માણસો પોતાની લાઇફમાં કેટલીક ગેરસમજોને પરંપરાથી વળગીને જીવતા હોય છે. ખોટા માર્ગે ગમે તેટલા આગળ જઈએ તો ય એનો કોઈ અર્થ નથી. આ પુસ્તકમાં ગેરસમજના માર્ગેથી યુ–ટર્ન લેવાની પ્રેરણા આપતા લેખો છે. ખોટા માર્ગે બહુ ચાલ્યા, આ અબ લૌટ ચલે...

**તમે ક્યારેક કડવી વાતો-વાસ્તવિકતાઓ લખો છો, એ માટે તમને કદી વાચકોની માફી માંગવાનું મન નથી થતું?**

થાય છે ને! એવી ઘણી કડવી વાસ્તવિકતાઓ રજૂ કરતા મારા બીજા નવા પુસ્તકનું નામ જ છે : મુઝ કો યારો માફ કરના.'

**સમાજના વડીલો માટે તમારે શું કહેવું છે?**

જવાબઃ સંસારમાં કેટલાક લોકો પચાસ વર્ષની ઉંમર પછી ઘોર હતાશા અને નિષ્ક્રિયતામાં ડૂબી જાય છે. જાણે મૃત્યુની પ્રતીક્ષા કરવા સિવાય તેમની પાસે કોઈ કામ જ ન હોય! એવા વડીલો માટે મેં લખેલું નવું પુસ્તક છેઃ 'આજ ફિર જીને કી તમન્ના હૈ.'

**દાંમ્પત્યજીવન -મેરિડ લાઇફ વિશેનું કોઈ પુસ્તક ખરું?**

જવાબઃ એ માટે એક નહિ, બે પુસ્તકો છેઃ 'સજના સાથ નિભાના' અને 'દો કદમ તુમ ભી ચલો...'. મેરેજ શા માટે કરવાં? લાઇફપાર્ટનર માટે કેવું પાત્ર પસંદ કરવું? ડેઈલી મેરિડ લાઇફના પ્રોબ્લેમ્સ ઉપરાંત લગ્નેતર સંબંધ જેવા વિષય પર પણ એમાં મારા વિચારો મેં લખ્યા છે.

**આજના સાયબર યુગ વિશે તમે શું માનો છો?**

સાયબર યુગ આજના માનવસમાજને મળેલું વિજ્ઞાનનું વરદાન છે. મારા એક નવા પુસ્તકનું નામ 'લાઇક ઓર કોમેન્ટ' છે. ફેસબુક પર વપરાતા આ શબ્દો મેં તફડાવી માર્યા છે. આ પુસ્તકમાં સાયબર યુગના માનવીનાં મનોવલણોની વાતો છે. એમાં કમ્પ્યૂટર કે ઇન્ટરનેટની ટેક્નિકલ વાતો નહિ લખીને મારું અજ્ઞાન ઉઘાડું પડી જતું મેં બચાવી લીધું છે.

**તમે 'લવ, સેક્સ ઔર ધોખા' નામની ફિલ્મ આવેલી તે જોઈ હતી ખરી?**

ના, મેં એ ફિલ્મ જોઈ નથી. પરંતુ લવ અને સેક્સ વિશેના મારા લેખો 'કેન્ડલ લાઇટ ડિનર' પુસ્તકમાં મૂક્યા છે ખરા.

**તમે હંમેશા યુવાનો અને મહિલાઓનો પક્ષપાત કરતા હો છો એમના માટે કોઈ પુસ્તક નથી લખ્યું?**

યુવાનોને પ્રેરણા આપે તેવા લેખોનું પુસ્તક 'ટેઇક ઓફ' છે અને મહિલાઓ વિશેના તાજગીભર્યા ચિંતન લેખો 'હેલો, મેડમ' પુસ્તકમાં મૂક્યા છે. યુવાનો અને મહિલાઓ કોઈનાં ઓશિયાળાં બનવાને બદલે સેલ્ફ ડિપેન્ડન્ટ બને એવી ખ્વાહિશ સાથે આ બે પુસ્તકો મેં તૈયાર કર્યાં છે.

**આટલું બધું વિષયવૈવિધ્ય તમારા લેખનમાં છે, તો પછી તમે બાળઉછેર-બાળઘડતર માટે ય કંઈક લખ્યું જ હશે...**

યસ, બાળકોના સંસ્કાર-ઘડતર માટે પેરન્ટ્સને ગાઇડન્સ આપતું મારું નવું પુસ્તક છે: 'કિડ્સ-કેર'

**તમારાં આ દસેદસ નવાં પુસ્તકો વસાવવાં હોય તો શું કરવું?** પૃષ્ઠસંખ્યા ૧૪૪ છે. દરેક પુસ્તકમાં ૩૪ લેખો છે. પ્રસ્તાવના - બ્રસ્તાવના જેવું લખીને પાનાં બગાડ્યાં નથી. આ તમામ પસ્તકો વસાવવા હોય તો આમ તો તમામ સાહિત્ય ગ્રંથ-વિક્રેતાને ત્યાંથી મળી શકે. ન મળે તો આ સરનામે સંપર્ક કરી શકો: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે ગાંધીમાર્ગ અમદાવાદ-૩૮૦૦૦૧-ફોન નં: ૦૭૯-૨૨૧૪૪૬૬૩.

**હવે પછી તમે ટૂંક સમયમાં કોઈ નવું પુસ્તક આપવાના છો?**

હા, આધ્યાત્મિક-ફિલસૂફીના લગભગ એકસો લેખોનું એક પુસ્તક 'રો-હિતોમહેશ' ખાસ્સું તૈયાર થઈ ગયું છે. ત્યાર પછી જૈન ધર્મ-વિષયક લેખોનું પણ એક નવું પુસ્તક પ્રગટ થશે. એનું નામ 'વહાલા શ્રાવકો' અથવા 'શ્રાવક જન તો તેને રે કહીએ' અથવા બીજું કંઈક પણ હોઈ શકે.

**તમને લેખનનું ફિલ્ડ ન મળ્યું હોત તો ?**

તો હું ગૂંગળાઈ ગયો હોત. સમાજની, ધર્મની, પોલિટિક્સની, સાહિત્યની કેટલીક અવદશાઓ-ગેરસમજો જોઈને હું ભીતરથી અકળાઈ ઊઠું છું. મારી અકળામણને વ્યક્ત કરવા શબ્દનું પ્રબળ માધ્યમ મને ના મળ્યું હોત તો... કદાચ...

**આ મુલાકાત માટે આભાર માનવો જરૂરી છે?**


હું અને તું ક્યાં અલગ છીએ? પ્રશ્નકર્તા અને ઉત્તરદાતા બંને એક જ હોય ત્યારે કોઈએ કોઈનો આભાર માનવાની વળી શી જરૂર હોય? આભાર તો આ ઈન્ટરવ્યૂ વાંચનારા સુજ્ઞવાચકોનો.. અને એથીય વિશેષ આભાર તો મારાં નવાં દસ પુસ્તકો ખરીદીને વાંચનારા વાચકોનો તથા એ પુસ્તકો સ્વજનો-મિત્રોને ભેટ આપનારા સજ્જનોનો! થેંક્સ...

## 'નરેન્દ્ર મોદીનો વિચારવૈભવ'




'નરેન્દ્ર મોદી વિચક્ષણ રાજપુરુષ હોવા ઉપરાંત સુજ્ઞ વિચારક પણ છે એનો પુરાવો આ પુસ્તક છે.' એવું રોહિત શાહનું વિધાન આ પુસ્તક જોતાં યથાર્થ લાગે છે. વિવિધ પ્રસંગે, જુદા-જુદા વિષયો પર પ્રવચન દરમિયાન નરેન્દ્ર મોદીએ ઉચ્ચારેલાં ચોટદાર વાક્યોનો આ સંગ્રહ તેમની મૌલિક પ્રતિભાનો પરિચય કરાવે છે.

**પ્રકાશન: ગૂર્જર ,લેખક: દિનેશ દેસાઈ કિંમત: ₹ ૧૦૦**




## સોટી અને પોઠી (બાળવાર્તાઓ)

ધનંજય ર. શાહ રચિત સોટી અને પોઠી બાળસાહિત્યનાં જાણીતાં પાત્રો છે. 'સોટી અને પોઠી'ની પાંચ-પાંચ પુસ્તકોની પ્રથમ શ્રેણીમાં 'જૂહૂની સફરે', 'મેચની મોકાણ', 'ગોરીલાનું ઘમાસાણ', 'પહેલવાનને પછાડ્યો', 'સોનાની ખાણમાં' પુસ્તકો છે. દ્વિતીય શ્રેણીમાં 'હાડપિંજરનો હાથ', 'દીપડા પર સવારી', 'ભયંકર ભાડૂતો', 'ઝવેરાતનો ચોર', 'દીપડા સાથે દંગલ' પુસ્તકો છે. 'સોટી અને પોઠી'ની બીજી શ્રેણીમાં 'જૂહુની સફરે', 'મેચની મોકાણ', 'ગોરીલાનું ઘમાસાણ', 'પહેલવાનને પછાડ્યો' અને 'સોનાની ખાણ' પુસ્તક છે.

**પ્રકાશન: ગૂર્જર, લેખક: ધનંજય ર.શાહ, કિંમત: ₹ ૧૭૫/-**

## 'ઊંડું જોયું, અઢળક જોયું'



અમદાવાદમાં વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અંતર્ગત કાવ્યસંગીત શ્રેણીમાં 'ઊંડું જોયું, અઢળક જોયું' એવા શીર્ષકથી કવિશ્રી ચંદ્રકાન્ત શેઠનાં ગીતોનો એક સાહિત્યિક કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી સ્વાગત કરતા ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું હતું કે, ચંદ્રકાન્ત શેઠ આ સંસ્થાનું અમૂલ્ય ઘરેણું છે અને એમણે બાળવિશ્વકોશ અને ગુજરાતી વિશ્વકોશમાં કરેલાં કાર્યો એમનું એક અમૂલ્ય પ્રદાન છે.


વિશ્વકોશ લલિતકલાકેન્દ્રના નિયામક હીનાબહેન શુક્લએ કવિ ચંદ્રકાન્ત શેઠની સર્જનપ્રક્રિયા વિશે વાર્તાલાપ કર્યો હતો. પોતાની સર્જનપ્રક્રિયા વિશે વાત કરતાં ડો. ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે મારો રોલમૉડલ એ પરમતત્ત્વ છે એ નક્કી છે. પોતાની સિદ્ધિ વિશે કહ્યું કે, 'આપણે જં કંઈ છીએ તે આપણે એકલાને કારણે નથી, બધાને કારણે છીએ. હું તો એટલું જ સમજું છું કે જે કંઈ કામ કરવું તે દિલથી કરવું. સાચા કામથી ઈશ્વરના ગોખલામાં દીવો થાય કે ન થાય એની ચિંતા ન કરવી, પણ અંદરનો દીવો સરખો રહે એટલે બસ.' આવી હૃદયસ્પર્શી પ્રશ્નોત્તરી પછી અમર ભટ્ટ અને શ્રદ્ધાબહેન શ્રીધરાણીએ ચંદ્રકાન્ત શેઠના ગીતોની પ્રસ્તુતિ કરી હતી અને કાર્યક્રમના પ્રારંભે એમના જીવન–કવન વિશે દસ્તાવેજી ચિત્ર દર્શાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાહિત્યરસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આ પ્રસંગ તે સહુને માટે એક યાદગાર સંભારણારૂપ બની ગયો હતો.

## 'ગાંધીનગર સાહિત્યોત્સવ ૨૦૧૩' યોજાયો



નામવર સિંહ



સિતાંશુ યશશ્ચંદ્ર

ગાંધીનગરમાં આવેલ 'સીટી પલ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન' ખાતે તારીખ ૮ મી જૂનના રોજ એક દિવસીય 'ગાંધીનગર સાહિત્યોત્સવ ૨૦૧૩'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો વિષય 'આજ કા સમાજ ઔર કબીર કી પ્રાસંગિકતા' રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હિન્દીના સાહિત્યકાર નામવર સિંહ, અતિથિવિશેષ તરીકે સિતાંશુ યશશ્ચંદ્ર હાજર રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના ડિરેક્ટર અનવર જમાલ અને અજય તોમરે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. બપોરના સેશનમાં કબીર સાહિત્ય કી પ્રાસંગિકતા' વિશે સોમ્ય જોશી અને પ્રવીણ પંડ્યાએ વાત કરી હતી.

જ્યારે બેઠકની અધ્યક્ષતા ચંદ્રકાંત ટોપીવાળાએ કરી હતી અને સાંજના કાર્યક્રમમાં પ્રહલાદ ટીપણિયા અને સાથીઓએ ગાયન પ્રસ્તુતિ કરી હતી.

## નાટ્ય અનુભવોને યાદ કરી જન્મદિવસ ઉજવાયો



**સુ**રતના સાહિત્યકારો અને કલાકારોના જન્મદિવસે તેમની સાથેની એક સાંજ માણવાની શ્રેણીમાં તારીખ ૯ જૂનના રોજ નરેશ કાપડીઆના ૬૧મા જન્મદિન નિમિત્તે ગીત–સંગીત–હાસ્ય–અભિનયની મહેફિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નરેશ કાપડીઆ સાથેના નાટ્ય અનુભવો વિશે યઝદી કરંજિયા અને એ.એસ.કસલીવાલાએ વાત કરી હતી.

# 'સપ્તર્ષિ'ના શ્રોતાઓને શ્યામલ-સૌમિલે કરાવ્યું 'પંચામૃત'-પાન




૨૧ મી જૂને 'વર્લ્ડ મ્યૂઝિક ડે'ના અનુસંધાને ૧૯મી જૂને સુરતની ૩૫ વર્ષ જૂની અને જાણીતી સંસ્થા 'સપ્તર્ષિ' દ્વારા સુરતના ગાંધીસ્મૃતિ ભવન ખાતે 'પંચામૃત' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

'પંચામૃત' કાર્યક્રમમાં શ્યામલ–સૌમિલ અને આરતી મુનશી સાથે ગાર્ગી વોરા, હરિતા દેસાઈ, દિવ્યાંગ અંજારિયા,

**શ્યામલ-સૌમિલ મુનશી દ્વારા સુરતની ૩૫ વર્ષ જૂની અને જાણીતી સંસ્થા 'સપ્તર્ષિ'ના મંચ પર 'પંચામૃત' કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં અવિનાશ વ્યાસ, અજિત મર્ચન્ટ, દિલીપ ધોળકિયા, ક્ષેમુ દિવેટિયા અને નિનુ મઝુમદારના યાદગાર સ્વરાંકનો રજૂ કરવામાં આવ્યા હતાં.**

બલરાજ શાસ્ત્રીએ ગુજરાતી ભાષાના જાણીતા પાંચ સ્વરકારો અવિનાશ વ્યાસ, અજિત મર્ચન્ટ, દિલીપ ધોળકિયા, ક્ષેમુ દિવેટિયા અને નિનુ મઝુમદારની યાદગાર રચનાઓ રજૂ કરી હતી.

કાર્યક્રમમાં મધ્યાંતર પછી લોકલાગણીને માન આપીને શ્યામલ–સૌમિલે પોતાના સ્વરાંકનો પણ રજૂ કર્યા હતા. 'પંચામૃત' કાર્યક્રમનો આસ્વાદ જાણીતા કવિ અને સંચાલક અંકિત ત્રિવેદીએ કરાવ્યો હતો. સતત સાડા ત્રણ કલાક સુધી ચાલેલી આ મહેફિલને 'સપ્તર્ષિ'ના કલાપારખું શ્રોતાઓએ મનભરીને માણી હતી. આ પ્રસંગે 'સપ્તર્ષિ'ના પ્રમુખ અમર પાલનપુરી તેમજ સંસ્થાના અન્ય સભ્યો પણ હાજર રહ્યા હતાં અને કલાકારોને બિરદાવ્યા હતા.

સુરતી ભાવકોએ આ Detour ને ખૂબ આવકારી હતી તેમજ વર્ષમાં આ પ્રકારના એક–બે કાર્યક્રનો યોજાય તે માટે આમંત્રણ પણ પાઠવ્યું હતું.


સુરતની 'સપ્તર્ષિ' સંસ્થાના પ્રમુખ અમર પાલનપુરી


મકરંદ દેસાઈ અને સંચાલક અંકિત ત્રિવેદી.

## ક્રિએટિવ રાઈટિંગ વર્કશોપ યોજાયો


અંજુમ રજબઅલી


રોબિન ભટ્ટ


ઉમેશ શુક્લા


અભિષેક જૈન

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે તારીખ ૮ મી જૂનના રોજ સ્ટોરી રાઈટિંગ માટે એક ખાસ વર્કશોપનું આયોજન વિસ્લીંગ વૂડ્સ ઈન્ટરનેશનલ ઓફ ફિલ્મ ફેશન એન્ડ મીડિયા દ્વારા રાઈટિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્સ્ટિટ્યૂટના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અને 'ગુલામ', 'રાજનીતિ', 'સત્યાગ્રહ' ફિલ્મના લેખક અંજુમ રજબઅલી. 'સડક', 'કોઈ મિલ ગયા', 'ઓમકારા' વગેરે જેવી માતબર ફિલ્મોના લેખક રોબિન ભટ્ટ, 'ઢૂંઢતે રહે જાઓગે', 'ઓ માય ગોડ'ના રાઈટર ઉમેશ શુક્લા તેમજ ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના લેખક અને ડાયરેક્ટર અભિષેક જૈન હાજર રહ્યા હતા. તેમને ક્રિએટીવ રાઈટિંગ અને ફિલ્મનાં વિવિધ પાસાંઓ સંદર્ભે વાત કરી હતી.

## સુરતમાં શબ્દોનું ચોમાસું બેઠું અને યોજાઈ કાવ્યગોષ્ઠિ

સુરત મહાનગરપાલિકા અને ચેમ્બર ઓફ કોમર્સનાં સથવારે નર્મદ લાઈબ્રેરીમાં ગુફ્તેગુ કાવ્યગોષ્ઠિ અંતર્ગત શબ્દોનું ચોમાસું બેઠું હતું. જેમાં ડૉ. રઈશ મનીઆરે જાણીતા કવિઓની વરસાદી કવિતાઓ સંભળાવી કાવ્યગોષ્ઠીને વરસાદ ભીની બનાવી હતી. જ્યારે નવોદિત કવિઓએ સ્વ-રચિત વરસાદી કવિતાઓ સંભળાવી હતી.

સાંજે ધીમી ધારે વરસાદ વરસી રહ્યો હતો ત્યારે શબ્દોની વાછટ લઈને કેટલાક નવોદિતો કવિતાનો વરસાદ વરસાવવા માટે નર્મદ લાઈબ્રેરીમાં આવ્યા હતા. કોઈ રેઈનકોર્ટ, કોઈ છત્રી સાથે તો કોઈ વરસાદને જ સાથે લઈને હૉલમાં આવ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે કાવ્યગોષ્ઠિનું



સંચાલન કરી રહેલા ડૉ. રઈશ મનીઆરે વરસાદી કાવ્યની વાછટ વરસાવી હતી.

'રેઈનકોટો, છત્રીઓ, ગમશુઝ, વોટરપ્રૂફ હેટ્સ,
માનવીએ કેટલી ભીંતો ચણી વરસાદમાં
કેટલાય બચાવકાર્યો એણે કર્યા છતાં
છેવટે 'આદીલ' હવા પલળી ગઈ વરસાદમાં'

આદીલ મન્સૂરીના શેર સાથે હોલમાં વરસાદી માહોલ જામ્યો હતો.

'એના પગની ઝાંઝરીને ચૂમવા,
આજે તો વરસાદ પણ ત્રાસો પડ્યો'

એક પછી એક કવિતાઓની ઝરમર શરૂ થઈ.

'અપના ઘર ભી મિલતા ઝૂલતા હૈ, ગાલીબ કે ઘર સે,
દો ઘંટા બાદલ બરસે, છે ઘંટા છત બરસે'

કાવ્યગોષ્ઠિમાં મિનીષા જાદવ, મોહિત કાપડિયા, ડૉ. મુકુલ પેટ્રોલવાલા, રાહુલ, શાદ રંગાણી, હિતેષ ટોપીવાલા, વિરાજ દેસાઈ, જય દિક્ષીત જેવા નવોદિતોએ છંદબદ્ધ રચનાઓનું પઠન કર્યું હતું અને શ્રોતાઓ કવિતાના ઝાપટા વચ્ચે ધોધમાર ભીંજાયા હતા.



## નૂપુર બાલિયાનું પેઈન્ટિંગ એક્ઝિબિશન યોજાયું

અમદાવાદમાં આવેલ અમદાવાદની ગુફામાં આર્ટીસ્ટ અને ડિઝાઈનર નૂપુર અનીતા બાલિયાના ચિત્રોનું પ્રદર્શન યોજાઈ ગયું. આ એક્ઝિબિશનું ઉદ્ઘાટન જાણીતા ગુજરાતી ગઝલ ગાયક મનહર ઉધાસે કર્યું હતું. પોતાની કલા દ્વારા નૂપુરે દિલ્હી ગેંગ રેપની વિકટીમ સાથે ઘટેલી દુર્ઘટના અને તેનાથી તેના મન પર થયેલી અસર દર્શાવી છે. નૂપુરે કલરના માધ્યમ દ્વારા એક સ્ત્રી શું અનુભવે છે તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે, જે દર્શકોના મનને સ્પર્શી જાય છે.

## વિશ્વસંગીત દિવસઃ સૂર સપ્તર્ષિને સ્વરાંજલિ


ક્ષેમુ દિવેટીયા


અજિત મર્ચન્ટ


રાસબિહારી દેસાઈ


નિનુ મઝુમદાર


દિલીપ ધોળકિયા

અમદાવાદના ગજ્જર હૉલ ખાતે ગુજરાત રાજ્ય નાટક અકાદમી દ્વારા ૨૭ જૂનના રોજ કાર્યક્રમ 'સૂર સપ્તર્ષિના અમીછાંટણા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તાજેતરમાં જ ઊજવાયેલાં વિશ્વસંગીત દિવસના ઉપલક્ષ્યમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ગુજરાતી સંગીતના સાત સારસ્વત સ્વરકારો. નિનુ મઝુમદાર, દિલીપ ધોળકિયા, અજિત મર્ચન્ટ, ક્ષેમુ દિવેટીયા, અતુલ દેસાઈ, રાસબિહારી દેસાઈ અને દક્ષેશ ધ્રુવના સ્વરાંકનો લોકો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આ મહાન સંગીતકારોના સ્વરાંકનોને અમર ભટ્ટ, દીપ્તિ દેસાઈ, પ્રહર વોરા અને ફોરમ ગઢવીએ કંઠ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંગીત-સંચાલન અમિત ઠક્કર દ્વારા કરાયું હતું.




## વિશ્વસંગીત દિવસની ઉજવણી કરવામાં આવી

સુરત ખાતે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સંગીત, નાટક અને નૃત્યની કોલેજ સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા વિશ્વસંગીત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્કોપા કોલેજના હૉલમાં તારીખ ૨૧મી જૂનનાં રોજ પ્રોફેસર અને હાર્મોનિયમ વાદક સુધીર ચાર્દીનું વિશ્વ સંગીતના પરિપ્રેક્ષ્યમાં ભારતીય શાસ્ત્રીય સંગીત વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું. સચોટ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તેમણે જણાવ્યું હતું કે, એ વાત જરાય કાને ધરવા જેવી નથી કે ભારતીય સંગીત વિસરાઈ રહ્યું છે, આજે પણ વિશ્વસંગીતમાં ભારતીય સંગીતનો રણકાર ગુંજે છે. હકીકતમાં હવે તો ભારતીય સંગીત વિશ્વની મોટાભાગની સંસ્કૃતિ અપનાવી રહી છે. ભારતીય સંગીત ગઈકાલે સુપર હિટ હતું. આજે છે અને આવતીકાલે હશે જ. વિશ્વમાં ભારતીય સંગીતને તોલે કોઈ સંગીત આવી શકે નહીં. દરેક સંસ્કૃતિના સંગીતને સાષ્ટાંગ વંદન છે. પણ, ભારતીય સંગીત પરમ છે એ વાતમાં જરાય બેમત નથી.' એમ જણાવી સુધીર ચાર્દીએ લોકોને ભારતીય સંગીતની મહત્તા સમજાવી હતી.

## પીંછીએ માર્યા સૂરના લસરકા

૨૧ જૂનનાં રોજ વર્લ્ડ મ્યુઝિક ડે હતો અને સાથે સાથે વરસાદી માહોલ પણ જામ્યો હતો. વરસાદી ટીપાના તાલના સથવારે અંતરીક્ષ બેન્ડ અને સુંદર સંગીતનો સુભગ સમન્વય સાથે સુરતમાં 'વર્લ્ડ મ્યુઝિક ડે' ઊજવાયો. એક તરફ ભજન અને અંગ્રેજી રોક સોંગ ગાવાની શરૂઆત થઈ અને આર્ટિસ્ટ સલોની પારેખે સૂરોને કલર સ્વરૂપે કૅન્વાસ પર ઉતાર્યા. આવાં દશ્યો મોટેભાગે ફ્રાન્સમાં જોવા મળે છે. અંતરીક્ષ બેન્ડના તાલ સાથે સલોની પારેખે કૅન્વાસ પર સૂરોને ઝીલ્યા હતા.

## ગાંધીનગરમાં 'શિવરંજની'ને આંગણે ગઝલની થઈ 'રજૂઆત'






ગાંધીનગર ખાતે આવેલી 'શિવરંજની' સંસ્થાના ઉપક્રમે તારીખ ૧૫ જૂનના રોજ શ્યામલ–સૌમિલ પ્રસ્તુત 'રજૂઆત' ગઝલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જયરાજસિંહ સરવૈયાને શ્રોતાઓને આવકારતા જણાવ્યું હતું કે, 'નવપલ્લવિત દશાબ્દી વર્ષ ઉજવી રહેલી ગાંધીનગરની સંસ્થા 'શિવરંજની'ની સ્થાપના ૧૯૭૨માં થયેલી. શેરબજારના અનેક ઉતાર–ચઢાવ જોવા છતાં એના શેર ધારકોને વળતર આપવામાં સફળ રહેલી આ સંસ્થા છેલ્લા દસ વર્ષથી વૈવિધ્યસભર સંગીતને વરેલા કાર્યક્રમો પીરસ્યા છે, એ પરંપરાને અનુસરતાં 'શ્યામલ–સૌમિલ'નાં કંઠે ગઝલ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે' આ પ્રસંગે 'શિવરંજની'ના પ્રમુખ વાગ્મીન બુચે સંસ્કારી સંગીતના માહોલ સાથે કોઈ સમાધાન નહી કરવાનો રણકાર કર્યો હતો. વરસાદી માહોલ વચ્ચે ગઝલનાં રસીયાઓએ ગુજરાતી ભાષાના ગૌરવ, માતૃભાષાની મીઠાશ અને હૃદયસ્પર્શી ગઝલોને ભાવકોએ મનભરી માણી હતી.

## 'મોકટેઈલ-ધ કાવ્યરસ' પુસ્તકનું વિમોચન




વિમોચન પ્રસંગે ડાબેથી વિવેક દેસાઈ, ઉષા ઉપાધ્યાય, ગોપાલી બુચ,ભાગર્વી પંડ્યા, આરતી શેઠ, કાજલ ઓઝા વૈદ્ય, ઉર્મી પંડિત મહેતા અને જય વસાવડા

અમદાવાદની ચાર કવયિત્રીઓ આરતી શેઠ, ઊર્મિ પંડિત મહેતા, ગોપાલી બુચ અને ભાર્ગવી પંડ્યાનું સહિયારુ સર્જન 'મોકટેઈલ–ધ કાવ્યરસ' પુસ્તકનું વિમોચન ૨૨ જૂનનાં રોજ કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા લોકપ્રિય લેખક જય વસાવડા અને કાજલ ઓઝા વૈધ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. ચારેય કવયિત્રીઓની ડાયરીના પાનાથી પુસ્તકનાં પાના સુધીની સફર જોવા મળી.

આ પ્રસંગે જય વસાવડાએ 'મોકટેઈલ–ધ કાવ્યરસ'માંથી એમના વકતવ્યમાં એમની પંક્તિઓનો ઉલ્લેખ કરી કવિતાને Offer તરીકે સરખાવી. Offer વિશે જણાવતા કહ્યું કે, 'ઓબ્ઝર્વેશન, ફિલીંગ્સ, ફેન્ટસી, ઈમોશન્સ અને રેઝિસ્ટન્સ એટલે જ કવિતા.' કાઝલ ઓઝા વૈધએ સ્ત્રી, કવિતા, ખુમારી વિશે ભાવવાહી શૈલીમાં એમના વિચારો રજૂ કરી સુંદર રીતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી સમગ્ર માહોલને રસસભર બનાવી દીધો હતો. આરતી, ઊર્મિ, ભાર્ગવી અને ગોપાલીએ પણ પોતપોતાની કવિતાને અલગ અલગ અંદાજથી રજૂ કરી હતી.

હવે ગુજરાતી ભાષાનો નવો અવાજ જ્યારે ઉઘડી રહ્યો છે આવું સાહસ પ્રશંસનિય છે. આ પ્રસંગે વિવેક દેસાઈ, ઉષા ઉપાધ્યાય, ચિનુ મોદી, કૃષ્ણ દવે, સૌમિલ મુનશી, અસિત વોરા તેમજ સાહિત્યરસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જન્મદિવસ




**૧ ઑગસ્ટઃ** અરુણ દેશાણી (કવિ, ભાવનગર)

**૨ ઑગસ્ટઃ** સંકેત ખાંડેકર (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૨ ઑગસ્ટઃ** જિતેન્દ્ર ચૌહાણ (બિઝનેસમેન, અમદાવાદ)

**૩ ઑગસ્ટઃ** લતેશ શાહ (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૪ ઑગસ્ટઃ** શરીફા વીજળીવાળા (સાહિત્યકાર, સુરત)

**૪ ઑગસ્ટઃ** મયૂર દવે (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

**૫ ઑગસ્ટઃ** મૌલિક મહેતા (વાદક કલાકાર-તબલા, અમદાવાદ)

**૬ ઑગસ્ટઃ** ચંદ્રકાંત મહેતા (સાહિત્યકાર, અમદાવાદ)

**૬ ઑગસ્ટઃ** આદિત્ય નારાયણ (ગાયક, મુંબઈ)

**૬ ઑગસ્ટઃ** દલેર મહેંદી (ગાયક, મુંબઈ)

**૬ ઑગસ્ટઃ** મનદીપ ધ્રુવ (વાદક કલાકાર-તબલા,અમદાવાદ)

**૭ ઑગસ્ટઃ** સુરેશ વાડકર (ગાયક સંગીતકાર, મુંબઈ)

**૭ ઑગસ્ટઃ** ચંદ્રકાંત ટોપીવાળા (સાહિત્યકાર, અમદાવાદ)

**૮ ઑગસ્ટઃ** હરિત ધોળકિયા (ગાયક, ભાવનગર)

**૮ ઑગસ્ટઃ** વિભૂતિ ભટ્ટ (ગાયિકા, ભાવનગર)

**૧૦ ઑગસ્ટઃ** વિજય શાસ્ત્રી (વાર્તાકાર, વિવેચક, સુરત)

**૧૦ ઑગસ્ટઃ** પ્રાચી શાહ (ગાયિકા,અમદાવાદ)

**૧૦ ઑગસ્ટઃ** જયંત મેઘાણી (પુસ્તક પ્રસારક, ભાવનગર)

**૧૧ ઑગસ્ટઃ** દિક્ષિત ઘોડા (દિગ્દર્શક, નિર્માતા, અમદાવાદ)

**૧૨ ઑગસ્ટઃ** ભાવિની જાની (ટી.વી. અને નાટ્યકલાકાર, અમદાવાદ)

**૧૨ ઑગસ્ટઃ** દિન્યાર કોન્ટ્રાકટર (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૧૨ ઑગસ્ટઃ** અજય ઓઝા (લેખક, ભાવનગર)

**૧૩ ઑગસ્ટઃ** પ્રદીપ ભટ્ટ (વાદક કલાકાર તબલા, ભાવનગરધ)

**૧૩ ઑગસ્ટઃ** જનક નાયક (કવિ, પ્રકાશક, સુરત)

**૧૩ ઑગસ્ટઃ** અપરા મહેતા (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૧૩ ઑગસ્ટઃ** વિનોદ જોષી (કવિ, ભાવનગર)

**૧૩ ઑગસ્ટઃ** લાલજી કાનપરિયા (કવિ, અમરેલી)

**૧૪ ઑગસ્ટઃ** સુનિધિ ચૌહાણ (ગાયિકા, મુંબઈ)

**૧૪ ઑગસ્ટઃ** શર્મિષ્ઠા સરકાર (નૃત્યાંગના, અમદાવાદ)

**૧૫ ઑગસ્ટઃ** ડૉ. નીપા ઠક્કર (કથ્થક નૃત્યકાર, ભાવનગર)

**૧૫ ઑગસ્ટઃ** પુરુષોત્તમ ઉપાધ્યાય (ગાયક, સ્વરકાર, મુંબઈ)

**૧૬ ઑગસ્ટઃ** પ્રવીણસિંહ જાડેજા (વાદક કલાકાર-દિલરુબા,જામનગર)

**૧૬ ઑગસ્ટ :** જયાબહેન મહેતા (લેખિકા, મુબઈ)

**૧૭ ઑગસ્ટ :** શિલ્પા અંધારિયા (ગાયિકા, ભાવનગર)

**૧૭ ઑગસ્ટઃ** દીપ્તિ જોશી (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૧૭ ઑગસ્ટઃ** કિશોરચંદ્ર શુકલ (સાહિત્યકાર, મોડાસા)

**૧૭ ઑગસ્ટઃ** દિપ્તિ બ્રહ્મભટ્ટ (કલાકાર, અમદાવાદ)

**૧૮ ઑગસ્ટઃ** અરૂણા ઈરાની (ફિલ્મ, ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

**૧૮ ઑગસ્ટઃ** યશપાલ ગોહિલ (નાટ્ય કલાકાર, ભાવનગર)

**૧૮ ઑગસ્ટઃ** જય બુટાણી (નાટ્ય કલાકાર, ભાવનગર)

**૧૮ ઑગસ્ટઃ** વિરાજ અમર (ગાયિકા, અમદાવાદ)

**૧૮ ઑગસ્ટઃ** ગુલઝાર (કવિ અને ગીતકાર, મુંબઈ)

**૧૯ ઑગસ્ટઃ** રઈશ મનીઆર (કવિ, ગઝલકાર, સુરત)

**૨૦ ઑગસ્ટઃ** શુકદેવ પંડ્યા (કવિ, અમદાવાદ)

**૨૦ ઑગસ્ટઃ** નિકેતા ધિયા, (નૃત્યાંગના, અમદાવાદ)

**૨૦ ઑગસ્ટઃ** રાજેન્દ્ર પટેલ (કવિ, મહામંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ)

**૨૦ ઑગસ્ટઃ** નરેશ કનોડિયા (ગુજરાતી ફિલ્મ કલાકાર, મુંબઈ)

**૨૧ ઑગસ્ટઃ** શશિકલાબહેન ત્રિવેદી (સાહિત્યકાર, નવી દિલ્લી)

**૨૧ ઑગસ્ટઃ** શશીકાંત નાણાવટી (પત્રકાર, અમદાવાદ)

**૨૧ ઑગસ્ટઃ** તુષાર દવે (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૨૨ ઑગસ્ટઃ** નીતિન ત્રિવેદી (લેખક, ભાવનગર)

**૨૨ ઑગસ્ટઃ** ભાલચંદ્ર શુકલ (ગાયક, અમદાવાદ)

**૨૨ ઑગસ્ટઃ** મહેશ શાસ્ત્રી (હાસ્ય કલાકાર, અમદાવાદ)

**૨૩ ઑગસ્ટઃ** હિલ્પન શાહ (ગાયક, ગ્રાફિક ડિઝાઇનર, અમદાવાદ)

**૨૩ ઑગસ્ટઃ** અશોક ચાવડા (કવિ, અમદાવાદ)

**૨૩ ઑગસ્ટઃ** જયેન્દ્રકુમાર પટેલ, (કવિ, વિદ્યાનગર)

**૨૩ ઑગસ્ટઃ** ધનરાજ પંડીત (સાહિત્યકાર, અમદાવાદ)

**૨૪ ઑગસ્ટઃ** ઘનશ્યામ વાસવાણી (ગાયક, મુંબઈ)

**૨૬ ઑગસ્ટઃ** મયૂર વાંકાણી (ટી.વી. અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૨૬ ઑગસ્ટઃ** સુરેશ સોમપુરા (સાહિત્યકાર, મુંબઈ)

**૨૬ ઑગસ્ટઃ** ઉર્વશી પંડ્યા (સાહિત્યકાર, મુંબઈ)

**૨૬ ઑગસ્ટઃ** મહેશ વૈદ્ય (હાસ્ય કલાકાર, અમદાવાદ)

**૨૭ ઑગસ્ટઃ** મનન દવે (અભિનેતા, ભાવનગર)

**૨૭ ઑગસ્ટઃ** વિશ્વા કુંચલા (ગાયિકા, અમદાવાદ)

**૨૮ ઑગસ્ટઃ** પ્રણવ મહેતા (ગાયક, સંગીતકાર, ભાવનગર)

**૨૮ ઑગસ્ટઃ** ઈમુ (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૨૮ ઑગસ્ટઃ** સલિલ મહેતા (નાટ્યકલાકાર, અમદાવાદ)

**૨૯ ઑગસ્ટઃ** મધુકર ઉપાધ્યાય (કવિ, સંગીત શિક્ષક, ભાવનગર)

**૩૦ ઑગસ્ટઃ** મહેશ પરમાર (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૩૦ ઑગસ્ટઃ** નિરજ પાઠક (ગાયક, અમદાવાદ)

**૩૧ ઑગસ્ટઃ** મનોજ જોશી 'મન' (કવિ, જામનગર)

**૩૧ ઑગસ્ટઃ** અર્ચન કવિશ્વર (વાદક કલાકાર-ગિટાર, અમદાવાદ)

**૩૧ ઑગસ્ટઃ** હરીશચંદ્ર જોશી (સાહિત્યકાર, બોટાદ)

**૩૧ ઑગસ્ટઃ** જિતેન્દ્ર ઠક્કર (નાટ્યકાર, અમદાવાદ)

**૩૧ ઑગસ્ટઃ** રતિલાલ બોરીસાગર (સાહિત્યકાર, અમદાવાદ)

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...




- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ







સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘેરે મંગાવો સ્વરસેતુ**

હું..............................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹..........................મોકલી આપુ છું,

નામ :-..............................................................................................................................................................

સરનામું :-..........................................................................................................................................................

.......................................................................................................................................................................

ટેલિફોન નંબર :-.............................................મોબાઈલ નંબર :-.....................................ઈ-મેઈલ :-.......................................................

ચેક/ડી.ડી નંબર :-.....................................બેંક :-...................................................................................તારીખ :-.............................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.





બાળક એ

અમૂલ્ય ભેટ છે તમારા જીવનની.

દીકરો હોય કે દીકરી,

ખુશીથી અપનાવો. બેટી વધાવો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય. બેટી વધાવો

"Registered under RNI No. GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th date of Every Month under Postal Regd. No. GAMC 1833/2012 - 2014 Valid Up to 31/12/2014. Published on dated 10th . Posted on every month.

SHYAMAL-SAUMIL
the musical odyssey

શ્યામલ–સૌમિલ મુનશી પ્રસ્તુત
હૃદયસ્પર્શી અને ચોટદાર ગઝલોની સોગાત

રજૂઆત
ગુજરાતી ગઝલ આલબમ



TOUCHING TUNES
music for all forever

Audio CD Available at all **Music Stores**.

સંપર્ક કરોઃ
**Marketed by**: Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: **26561834/35** visit us at: www.shyamalsaumil.com

સંગીત અને ગાયક
શ્યામલ-સૌમિલ